dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 49 | AD - 2024, kartak Vad - 07 | Friday, Dt.22-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## અબજો ડોલરની લાંચ આપવા બદલ અમેરિકાની ન્યૂયોર્ક ફેડરલ કોર્ટ દ્વારા

# અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી વિરૂધ્ધ ધરપકડ વોરંટ

નવી દિલ્હી,તા.૨૧

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને એકવાર ફરીથી મોટો ઝટકો લાગ્યો છે. ન્યૂયોર્ક ફેડરલ કોર્ટે ગૌતમ અદાણીને સોલર કોન્ટ્રાક્ટ માટે અબજો ડોલરની લાંચ આપવા અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને ગુમરાહ કરવાના આરોપમાં દોષિત ઠેરવ્યા છે. જે લોકો પર લાંચ આપવાના અને ફ્રોડનો આરોપ લાગ્યો છે તેમાં ગ્રુપ સંબંધિત સાત અન્ય લોકો પણ સામેલ છે. આરોપો બાદ અદાણી એન્ટરપ્રાઈસિસે બોન્ડ દ્વારા ૬૦ કરોડ ડોલર ભેગા કરવાની યોજના રદ કરી છે. અહેવાલ મુજબ આ સોલર એનર્જી કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય અધિકારીઓને લાંચ અપાઈ હતી.

અત્રે જણાવવાનું કે અદાણી તરફથી તાજેતરમાં ગ્રીન એનર્જી સેક્ટરમાં ભારે રોકાણ કરવાની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી તરફથી અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની ચૂંટણી જીત પર શુભેચ્છા આપવાની સાથે કરાઈ હતી. વાત જાણે એમ છે કે ટ્રમ્પે એનર્જી કંપનીઓ માટે નિયમોને સરળ બનાવવાનું વચન આપ્યું છે. જેનાથી તેમને ફેડરલ લેન્ડ પર ડ્રિલિંગ કરવામાં અને પાઈપલાઈન બનાવવામાં સરળતા રહેશે. બીજી બાજુ અમેરિકાના સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમીશન તરફથી ગૌતમ અદાણી પર અમેરિકી રોકાણકારોને દગો કરવાના અને અધિકારીઓને લાંચ આપવાના આરોપ લગાવવામાં આવ્યા છે.

અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી (૩૦), અદાણી ગ્રીન એનર્જીના અધિકારી અને એજ્યોર પાવર ગ્લોબલ લિમિટેડના એક એક્ઝિક્યુટિવ સિરિલ કેબનેસ પર મલ્ટી બિલિયન ડોલરની યોજના હેઠળ અમેરિકી રોકાણકારો અને ગ્લોબલ ફાઈનાન્શિયલ ઈન્સ્ટીટ્યૂટથી પૈસા મેળવવા માટે ખોટા અને ભ્રામક નિવેદનો દ્વારા પ્રતિભૂતિ અને વાયર ફ્રોડ કરવાનું ષડયંત્ર રચવાનો આરોપ છે. આ આરોપોનો સંબંધ એક અબજો ડોલરના પ્રોજેક્ટ સાથે હોવાનું કહેવાય છે. આરોપ પત્રમાં કહેવાયું છે કે અદાણી અને અન્ય લોકોએ લગભગ ૨૬૫ મિલિયન ડોલરની લાંચ આપી છે. તેમને આશા હતી કે આ કોન્ટ્રાક્ટથી આગામી બે દાયકામાં ૨




બિલિયન ડોલરથી વધુનો ફાયદો થશે. SEC નો એવો પણ દાવો છે કે યોજનામાં સામેલ કેટલાક લોકોએ ગૌતમ અદાણી માટે 'ન્યૂમેરો ઉનો' અને 'ધ બિગ મેન' જેવા કોડવર્ડ વાપર્યા. આરોપ લાગ્યો છે કે અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી અને એક અન્ય એક્ઝિક્યુટિવ વનીત જૈને અદાણી ગ્રીન એનર્જી માટે ૩ અબજ ડોલરથી વધુની લોન અને બોન્ડ મેળવવા માટે લેણદારો અને રોકાણકારોથી લાંચને છૂપાવી રાખી. આ બધા આરોપ વિદેશ ભ્રષ્ટાચાર પ્રથા અધિનિયમ હેઠળ આવે છે જે વિદેશી વ્યાપારિક લેવડદેવડમાં લાંચ વિરુદ્ધના અમેરિકી કાયદા છે. આસિસ્ટન્ટ એટોર્ની જનરલ લિસા એચ મિલરે કહ્યું કે આરોપ પત્રમાં ભારતીય સરકારી અધિકારીઓને ૨૫૦ મિલિયન યુએસ ડોલરથી વધુની લાંચ આપવા, રોકાણકારો અને બેંકોથી અબજો ડોલર ભેગા કરવા માટે ખોટું બોલવા અને તપાસમાં વિઘ્ન નાખવાની યોજનાઓનો આરોપ લગાવવામાં આવ્યો છે. કેસમાં જેમના નામ છે તેમાં - ગૌતમ અદાણી (૬૨), સાગર એસ અદાણી (૩૦), વિનિત એસ. જૈન, (૫૩), રંજીત ગુપ્તા ( ૫૪), સિરિલ કબાનેસ (૫૦), સૌરભ અગ્રવાલ (૪૮), દીપક મલ્હોત્રા (૪૫), રૂપેશ અગ્રવાલ (૫૦) નો સમાવેશ થાય છે. આ તમામ આરોપો છતાં અદાણી ગ્રુપ તરફથી આ આરોપો પર હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે ગૌતમ અદાણી અને સાગર અદાણી વિરુદ્ધ અરેસ્ટ વોરંટ જાહેર કરાયું છે. અમેરિકી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને બે લોકો અને એક અન્ય વ્યક્તિ, સિરિલ કેબનેસ વિરુદ્ધ સંબંધિત દીવાની આરોપ દાખલ કર્યા છે. અમેરિકી સરકારે હજુ સુધી અદાણી અને અન્ય વ્યક્તિઓ વિરુદ્ધ વિશિષ્ટ આરોપો વિશે પૂરી જાણકારી આપી નથી.


જાણીતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર યુએસ પ્રોસિક્યુટર્સે ભારતમાં લાંચ આપવાનો આરોપ લગાવ્યો છે. આ પછી અદાણી ગ્રુપની પ્રતિક્રિયા સામે આવી છે. અદાણી ગ્રુપે આ આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. જૂથે એક મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે, 'અદાણી ગ્રીનના ડિરેક્ટરો પર યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા લગાવવામાં આવેલા આરોપો પાયાવિહોણા છે. અમે આ આરોપોને ફગાવીએ છીએ.

અદાણી ગ્રૂપે નિવેદનમાં જણાવ્યું હતું કે, "યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા જ જણાવવામાં આવ્યું છે તેમ, "તપાસમાં મૂકવામાં આવેલા આરોપો સમાન છે અને જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી પ્રતિવાદીઓ નિર્દોષ હોવાનું માનવામાં આવે છે." તમામ સંભવિત કાયદાકીય પગલાં લેવામાં આવશે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'અદાણી જૂથ હંમેશા ઉચ્ચતમ ધોરણોનું પાલન કરે છે અને તેના તમામ ઓપરેટિંગ ક્ષેત્રોમાં શાસન, પારદર્શિતા અને નિયમનકારી અનુપાલન જાળવવા માટે પ્રતિબદ્ધ છે. અમે અમારા હિતધારકો, ભાગીદારો અને કર્મચારીઓને ખાતરી આપીએ છીએ કે અમે કાયદાનું પાલન કરતી સંસ્થા છીએ, તમામ કાયદાઓનું સંપૂર્ણ પાલન કરીએ છીએ.




## હુમલામાં એક પોલીસ અધિકારી અને મહિલાઓ સહિત ડઝનેક લોકો ઘાયલ થયા

# પાક.ના ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી હુમલો : ૩૮ના મોત



ઈસ્લામાબાદ,તા.૨૧

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં મોટો આતંકી હુમલો થયો છે. આ હુમલામાં ૩૮ લોકોના મોત થયા છે. આ હુમલો ખૈબર પખ્તુનખ્વાના ડાઉન કુર્રમ વિસ્તારમાં પેસેન્જર વાન પર થયો હતો. હુમલામાં એક પોલીસ અધિકારી અને મહિલાઓ સહિત ડઝનેક લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ, ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના અશાંત પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદીઓએ શિયા મુસ્લિમ નાગરિકોને લઈ જતા મુસાફરોના વાહનો પર ગોળીબાર કર્યો હતો. તાજેતરના વર્ષોમાં આ વિસ્તારમાં આ પ્રકારનો સૌથી ઘાતક હુમલો છે.

ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મુખ્ય સચિવ નદીમ અસલમ ચૌધરીએ જણાવ્યું હતું કે ગુરૂવારે ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનના આદિવાસી વિસ્તારમાં બંદૂકધારીઓએ પેસેન્જર વાહનો પર ગોળીબાર કર્યો હતો. ચૌધરીએ કહ્યું કે કુર્રમ આદિવાસી જિલ્લામાં આ હુમલામાં માર્યા ગયેલાઓમાં એક મહિલા અને એક બાળક પણ સામેલ છે. આ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધવાની સંભાવના છે.






# સાવરકુંડલામાં ધારાસભ્યનાં કાર્યાલયે રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૧



સાવરકુંડલામાં રેશનકાર્ડ ધારકોને ઈ કેવાયસી કરવામાં તકલીફ ના પડે તેમજ સરળતાથી ઈ કેવાયસી થઈ જાય તે માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શનથી સાવરકુંડલા અટલધારા કાર્યાલય ખાતે ભાજપ પરિવાર દ્વારા આગામી બે દિવસ તા ૨૧ અને ૨૨ ના રેશનકાર્ડ ઈ કેવાયસી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં આજરોજ ઘણા લોકોએ લાભ લીધો હતો તેમ જ હજી પણ એક દિવસ કેમ્પ ચાલુ છે તો સાવરકુંડલા શહેરીજનોને આ કેમ્પનો લાભ લેવા જણાવવામાં આવે છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી સહિતનાં હાજર રહ્યાં હતા.

# રાજુલામાં સરકારી હોસ્પિટલના જૂના ક્વાર્ટર કેમ્પમાં આગ લાગી

રાજુલા, તા.૨૧


તસવીર : હાર્દિક બામટા

રાજુલા શહેરમાં ટાવર નજીક આવેલ સરકારી હોસ્પિટલના જૂના ક્વાર્ટર કેમ્પમાં ગત મોડી રાત્રે આગ લાગી હતી. આગની જાણ થતાં સરકારી હોસ્પિટલના અધિક્ષક ડો. હરેશ જેઠવાને ટેલીફોનિક માહિતી આપવામાં આવી હતી. આ અંગે રાજુલા ફાયર વિભાગને ડોક્ટરે જાણ કરી હતી. જ્યાં સુધી ફાયર ફાઈટર ન આવે ત્યાં સુધી આગને કાબુમાં લેવા માટે સરકારી હોસ્પિટલમાંથી ફાયરની બોટલ દ્વારા આગને બુજાવવા માટેના પ્રયત્નો કરાયા હતા, પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પરંતુ થોડા જ સમયમાં ફાયર ફાયટર આવી પહોંચતા આગને કાબુમાં લેવાનું શરૂ કર્યું હતું. અંતે આ આગને કાબુમાં લેવામાં ફાયર વિભાગને સફળતા મળેલ. આ ક્વાર્ટર બંધ હોવાથી અને ત્યાં રહેણાંક વિસ્તાર ન હોવાથી મોટી દુર્ઘટના બની હતી. આ આગ કઈ રીતે લાગી એનું કારણ હજી સુધી જાણવા મળેલ નથી. આ ક્વાર્ટર ઘણા સમયથી બંધ હાલતમાં છે ત્યારે અહીંયા નવા ક્વાર્ટર ક્યારે બનશે તેવા વેધક પ્રશ્નો પૂછાઈ રહ્યા છે. રાજુલામાં છેલ્લા ઘણા સમયથી આ સરકારી હોસ્પિટલનો સ્ટાફ ગામમાં ભાડે રહે છે.

# અમરેલીમાં મિલકત બારોબાર વેંચી નાખતા છેતરપિંડીની પોલીસ ફરિયાદ

**ભાગીદારે ફરિયાદીનાં પરિવારને દવા પીને મરી જાવ કહીને ધમકી આપી**

અમરેલી, તા.૨૧

અમરેલીનાં ચિતલ રોડ પર આવેલી જય સોસાયટીનાં બ્લોકમાં આવેલી ઓફિસ ભાગીદારોએ બારોબાર વેંચી નાખતા અન્ય ભાગીદારે પોતાના જ ભાગીદાર સામે ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ધારીમાં રહેતા ફરિયાદી ફિરોજ હુસેનભાઈ પઠાણે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ચિતલ રોડ પર આવેલી એક ઓફિસમાં હરેશભાઈની ૫૦%ની ભાગીદારીમાં હિસ્સેદારી હતી. જેમાં હરેશભાઈને હિસ્સેદારી છૂટી કરવી હોવાથી આ બાબતે ફરિયાદીએ તેમના મિત્ર પિયુષભાઈને આ ઓફિસમાં ભાગીદાર થવા માટે જણાવ્યું હતું. જેથી તેણે આ બાબતે હરેશભાઈએ પૈસા ચૂકવી ભાગીદારીમાંથી છુટા કરવા જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ વિશ્વાસમાં આવી મિલકતમાંથી નીકળી જવા માટે રૂા.૨૫ લાખ આપવા નક્કી કર્યુ હતું. જે અંતર્ગત અલગ-અલગ ૧૨,૫૦,૦૦૦નાં ચેક આપેલ હતા. અમે બંને ભાગીદારોએ વિપુલભાઈને આ મિલકતનો દસ્તાવેજ કરી આપેલ હતો. ત્યારબાદ આ દુકાન અન્ય પાર્ટીને વેંચવી હોવાથી ફરિયાદીએ આરોપી પાસેથી દુકાનની ચાવી માંગતા તેણે આ દુકાન મેં વેંચી નાખી છે તારો કોઈ હિસ્સો નથી તેમજ તારા આખા ઘરને દવા પીને મરી જાવું હોય તો મરી જાવ બહુ હોશિયારી કરીશ તો તને પણ ઉપાડી લઈશ તેમજ ફરિયાદીનાં પત્નીએ ફોન કરતા તેમને પણ બેફામ ગાળો આપી હતી. મિલકત અમો બંને ભાગીદારોના નામે હોય છતાં તેણે છેતરપિંડી કરી દિવ્યેશભાઈ ને આ મિલકતનું વેંચાણ કરી આપતા ફરિયાદી ફીરોજ હુસેનભાઈ પઠાણે વિપુલભાઈ અને પિયુષભાઈ રહે.બંને અમદાવાદ વાળા સામે અમરેલી સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી

અમરેલી, તા.૨૧




વિશ્વ શૌચાલય દિવસની ઉજવણીનાં ભાગરૂપે ધારી તાલુકાનાં વીરપુર, નાગધ્રા, હુડલી સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉજવણી કરવામાં આવી હતી. આ તમામ ગામોમાં વ્યકિતગત શૌચાલયોને સુશોભિત કરવામાં આવ્યા હતાં તેમજ વ્યકિતગત શૌચાલયનાં વર્ક ઓર્ડર આપી કામગીરી શરૂ કરવામાં આવી હતી. ધારી તાલુકાનાં અન્ય ગામોમાં પણ વિશ્વ શૌચાલય દિન નિમિત્તે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી.

# રાજુલા અર્બન હેલ્થ સેન્ટરમાં જન આરોગ્ય સમિતિની તાલીમ

રાજુલા, તા.૨૧


તસવીર : હાર્દિક બામટા

રાજુલા અર્બન હેલ્થ સેન્ટર ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર નિલેશ કલસરિયા, આયુષ મેડિકલ ઓફિસર ડોક્ટર નિકુંજ વ્યાસ અને સીએચઓ નોડલ દ્વારા સમગ્ર પ્રાથમિક આરોગ્ય સેવાઓ ગુણવત્તાયુક્ત મળી રહે તે હેતુસર જન આરોગ્ય સમિતિની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. પી.એચ.સી અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના ઓફિસર, મેડિકલ ઓફિસર એમ.પી.એચ. ડબલ્યુ, આશાવર્કર બહેનોને આ તાલીમ આપવામાં આવી હતી. જેમાં સમિતિની રચના, સમિતિનું કાર્ય અને દસ્તાવેજીકરણ વગેરે મુદ્દાઓ વિશે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં તમામ કર્મચારી હાજર રહેલ હતા.

# વડીયામાં આરોગ્ય મેળો : હજારો દર્દીઓને નિ:શુલ્ક સારવાર

**બાવકુ ઊંધાડના હસ્તે ઉદ્‌ઘાટન, નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા સેવાઓ**

વડીયા, તા.૨૧



અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા વડીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયોજિત આરોગ્ય મેળામાં હજારો દર્દીઓએ વિવિધ રોગોની સારવાર લીધી હતી. આ મેળાનું ઉદ્‌ઘાટન પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડે કર્યું હતું. આ આરોગ્ય મેળામાં હૃદયરોગ, જનરલ સર્જરી, માનસિક રોગ, કાન-નાક-ગળા, સ્કિન, સ્ત્રીરોગ, બાળરોગ, આંખ અને દાંત જેવા વિવિધ રોગોના નિષ્ણાત ડોક્ટરોએ દર્દીઓની તપાસ કરી અને જરૂરી સારવાર આપી હતી.

આ સાથે જ દર્દીઓને દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ મેળામાં વડીયા અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ ઉમટી પડ્યા હતા. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના લોકો માટે આ મેળો વરદાનરૂપ સાબિત થયો છે. આ મેળામાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમર, સરપંચ મનીષ ઢોલરીયા, તુષાર ગણાત્રા સહિત સ્થાનિક લોકો અને નિષ્ણાત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી. આ આરોગ્ય મેળાને સફળ બનાવવા માટે સ્થાનિક ડોક્ટરો, ડો. ડોડીયા, ડો. પીઠવા સહિત આરોગ્ય કેન્દ્રના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# નાગેશ્રી નજીક કારમાંથી ૬૬ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

**પોલીસે દારૂ સહિત રૂ.૪.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લામાં દારૂ ઘુસાડવા માટે બુટલેગરો સક્રિય બન્યા હોય તેમ છાશવારે જિલ્લામાંથી દારૂ ઝડપાઈ રહ્યો છે. જેમાં આજરોજ ઉનાથી રાજુલા તરફ આવી રહેલી એક કારમાંથી પોલીસે વિદેશી દારૂ ઝડપી પાડયો છે. એલસીબી પીઆઈ પટેલની રાહબરી નીચે એલસીબીની ટીમને બાતમી મળી હતી કે ઉનાથી રાજુલા આવી રહેલી એક કારમાં વિદેશી દારૂની બોટલો હોય જેથી પોલીસે વોચ ગોઠવતાં નાગેશ્રી નજીક એક કારને રોકી તલાશી લેતા કારમાંથી ૬૬ બોટલ વિદેશી દારૂ કિં.રૂા.૩૪૮૧૪ તેમજ કાર અને મોબાઈલ મળી રૂા.૪.૬૪ લાખના મુદ્દામાલ સાથે સંજય નરશી સાંખટ રહે.મહુવા નામના શખ્સની ધરપકડ કરી હતી. આરોપી સામે રાજુલા અને મહુવામાં પાંચ ગુના નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.

# સાવરકુંડલા તાલુકા પંચાયતમાં રૂ. ૬૨ લાખના વિકાસ કામો મંજૂર

સાવરકુંડલા, તા.૨૧



સાવરકુંડલામાં તાલુકા પંચાયત કચેરી ખાતે આજે પ્રમુખ જીતુભાઈ કાછડીયાના અધ્યક્ષ સ્થાને મળેલ ખાસ સામાન્ય સભા અંતર્ગત સાવરકુંડલાના ગામડાઓના વિકાસ માટે જુદા જુદા ઠરાવો કરવામાં આવેલ. જેમાં તાલુકા પંચાયતના સ્વભંડોળમાં જમા થયેલ તાલુકા કક્ષાની સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટમાંથી કામોનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ રૂ.૬૨ લાખના વિકાસ કામોને સર્વાનુમતે વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. આ સામાન્ય સભાની બેઠકમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પરસોત્તમભાઈ ઉંમટ, કારોબારી ચેરમેન હંસાબેન ઘુસાભાઈ વાણીયા, તાલુકા પંચાયતના સદસ્યો, તાલુકા વિકાસ અધિકારી તથા દરેક વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કુલ ૨૨ સભ્યોમાંથી ૨૦ સભ્યોએ હાજર રહી વિકાસના કામોનો ઠરાવ પસાર કરી મંજૂરી આપેલ હતી. આ સમગ્ર સામાન્ય સભાનું સંચાલન વિસ્તરણ અધિકારી કાકડીયાભાઈ દ્વારા કરવામાં આવેલ હતું. અંતે આ સભાના અધ્યક્ષ જીતુભાઈ કાછડીયા દ્વારા આભાર વિધિ કરી સભા પૂર્ણ કરવામાં આવેલ.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલીમાં આવતીકાલથી યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન

**સ્પર્ધા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-૨૫ કાર્યક્રમનું આયોજન છે. તા.૨૩ને શનિવારના રોજ અમરેલી શ્રી કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા યોજાશે. આગામી તા. ૨૩ અને તા.૨૪ નવેમ્બર-૨૦૨૪ એમ બે દિવસીય કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ વિજેતા કલાકારો વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજાશે. રાજ્યના સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લાના પ્રથમ ક્રમાંક વિજેતા કલાકારો પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-૨૫માં ભાગ લેશે. જેમાં સૌરાષ્ટ્રના મહાનગરપાલિકા વિસ્તાર ભાવનગર, જૂનાગઢ, રાજકોટ અને જામનગરના શહેર ત થ ા ા ગ્રામ્ય કક્ષાના તથા પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને અમરેલીના ૧૫ થી ૨૯ વર્ષના જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક વિજેતા કલાકાર ભાઈઓ-બહેનો અ-બ અને ખુલ્લા વિભાગની વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, નિબંધ, પાદપૂર્તિ, ગઝલ, શાયરી, કાવ્યલેખન, દોહા-છંદ-ચોપાઈ, લોકવાર્તા, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્નગીત, હળવું કંઠ્ય લોકવાદ્ય, ભજન, સમૂહગીત, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, લોકગીત, એકાંકી, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, વાંસળી, તબલા, હાર્મોનિયમ (હળવું), ગીટાર, શાસ્ત્રીય નૃત્ય ઓડીસી, કથ્થક, કુચીપુડી, ભરત નાટ્યમ, પોસ્ટર મેકિંગ, હેન્ડીક્રાફ્ટ ડીક્લેમેશન, કાવ્યલેખન, વાંચન, સ્ટોરી રાઈટીંગ, વિજ્ઞાન મેળાની વિવિધ કૃતિઓ સ્પર્ધાઓમાં ભાગ લેશે. આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય નંબરના વિજેતા કલાકારો ડિસેમ્બરમાં રાજકોટ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની યુવા ઉત્સવ સ્પર્ધામાં ભાગ લેશે. પ્રદેશ કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-૨૫ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા અને અતિથિ વિશેષ તરીકે જિલ્લાના ધારાસભ્ય જે.વી.કાકડીયા, હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા અને અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી ઉપસ્થિત રહેશે.

# વડીયામાં કોલેજની મંજૂરી અપાવતા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા

અમરેલી,તા.૨૧



વડીયામાં છેલ્લા ઘણા વર્ષોથી ગ્રાન્ટેડ કોલેજ બંધ થયા બાદ કોઈ ઉચ્ચ શિક્ષણની સુવિધાઓનો અભાવ હતો. ઉચ્ચ શિક્ષણની સુવિધાઓને અભાવે વડીયા વિસ્તારના બાળકો જેતપુર, બગસરા, ભેસાણ, ગોંડલ, અમરેલી સુધી કોલેજના અભ્યાસ માટે અપડાઉન કરવા મજબુર બનતા હતા ત્યારે કૌશિક વેકરીયાએ ચૂંટણી સમયે વડીયાને કોલેજની સુવિધાઓ અપાવવાનું વચન આપ્યું હતું તે બાબતે તેણે સરકારના શિક્ષણ વિભાગને રજૂઆત કરી વડીયા વિસ્તાર માટે ખાસ કેસમાં વડીયામાં સરકારી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજની મંજૂરી અપાવતા વડીયા વિસ્તારના વિદ્યાર્થીઓનો ઉચ્ચ શિક્ષણનો મહત્વનો પ્રાણ પ્રશ્ન હલ કરતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર છવાઈ છે. વડીયા પંથકના વિદ્યાર્થીઓએ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનો આભાર માન્યો હતો.

# ટોડા ગામના ખેડૂતને વીજ કનેક્શન ફાળવવા વીજ તંત્રનાં ઠાગાઠૈયા

અમરેલી, તા.૨૧

લાઠી તાલુકાનાં ટોડા ગામે રહેતા ખેડૂત નનુભાઈ સાંગાણી ૩૦ વર્ષથી વીજ કનેક્શન ધરાવતા હતા. પરંતુ તોકતે વાવાઝોડા દરમિયાન વીજ સર્વિસ વાયર તૂટી જતાં ખેડૂતે વીજ સર્વિસ વાયર નાખવા માટે વીજ કચેરીને અનેકવાર રજૂઆત કરેલ હતી. જેથી નાયબ ઈજનેર સહિતના કર્મચારીઓ દ્વારા તેમના વીજ કનેકશનની જગ્યાએ બાજુમાં આવેલ સર્વે નં.માં જોડી આપવામાં આવ્યું હતું. આ બાબતની રજૂઆત કરવા છતાં વીજ તંત્ર દ્વારા કોઈ કામગીરી ન થતાં ખેડૂતે આ બાબતે કલેકટરને પણ રજૂઆત કરી હતી. જેથી કલેકટરે આદેશ આપવા છતાં વીજ તંત્ર દ્વારા ખેડૂતના વીજ કનેકશનનું જોડાણ ન કરતાં વીજ તંત્રની કામગીરી સામે રોષ ફેલાયો છે.

# બાબરા આઈટીઆઈ ખાતે મતદાર યાદી સુધારણા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૧

બાબરા સ્થિત આઈ.ટી.આઈ. ખાતે મતદાર યાદી સુધારણા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. યુવાઓને મતદાર તરીકે નામ નોંધણી, મતપત્રમાં ફોટો, વિગતો સહિતના સુધારા માટેની પ્રક્રિયા વિષયક સમજ આપવામાં આવી હતી. યુવાઓ પ્રથમ વખતના મતદાર તરીકે પોતાની નામ નોંધણી કરી મતપત્ર પ્રાપ્ત કરશે. અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ,



ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરુર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterprotal.eci.gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાય છે.

# બગસરામાં ડાંગીયા પીર ખાતે ઉર્ષની શાનદાર ઉજવણી

બગસરા, તા.૨૧



બગસરામાં ઉર્ષની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. બગસરાના હઝરત ડાંગીયા પીર સરકારના ખાદીમ હજરત બાનવા શાહ સરકારના ૭૧મા ઉર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી જેમાં તમામ હિન્દુ મુસ્લિમ બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી અને આ ઉર્ષનો લાભ લીધો હતો.






# સાવકુંડલાના આંબરડી ખાતે લોક ડાયરામાં લાખો રૂપિયાનો વરસાદ થયો

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાના આંબરડી ગામે રાધેશ્યામ બાપુની વાડીમાં શ્રી જોગેશ્વરી મહાદેવ મંદિરના પુનઃ જીર્ણોધ્ધાર અવસરે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ મોડી રાત સુધી હજારોની મેદનીને ડોલાવી હતી. ભજન શરૂ થતાં ચલણી નોટોનો વરસાદ વરસ્યો હોય તેમ સ્ટેજ ઉપર ચલણી નોટોના ઢગલા થયા હતા. આ પ્રસંગે સાવરકુંડલા




માનવ મંદિરના પૂ.ભક્તિરામ બાપુ, સા.કુંડલા APMC ચેરમેન દીપકભાઈ માલાણી, ભયલુભાઈ જાબાળ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને સાધુ, સંતો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા સર્વજન હિતાય સંસ્થાન દ્વારા ૨૬ જાન્યુઆરીએ સમૂહ લગ્નોત્સવ યોજાશે

બાબરા, તા.૨૧

સર્વજન હિતાય સંસ્થાન દ્વારા આગામી તારીખ ૨૬/૦૧/૨૦૨૫ ને રવિવારના રોજ અગિયારમાં સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. સમૂહલગ્નમાં જોડાવા ઈચ્છતાં યુવક અને યુવતીઓના વાલીઓએ સંપૂર્ણ વિગત સાથે ફોર્મ ભરી જમા કરાવવું પડશે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫/૧૨/૨૦૨૪ રહેશે.



આ સર્વ જ્ઞાતિ સમૂહલગ્નની અંદર અગાઉથી કોર્ટ કચેરીમાં કરેલ લગ્ન તેમજ પુનઃલગ્ન જેવા કોઈ પણ પ્રકારના લગ્ન સ્વીકારવામાં આવશે નહી.







**-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૭૬/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ભાણભાઈ નાગભાઈ આલાણી
રહે. નાના માચીયાળા, તા. જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી.
મુ.નાના માચીયાળા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામના ભાણભાઈ નાગભાઈ આલાણી તેઓના પુત્ર ખોડુભાઈ ભાણભાઈ આલાણીની જન્મ તા.૦૪/૦૮/૧૯૮૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**













**-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૦૧/૨૦૨૪

**અરજદાર :-** શ્રી હસમુખભાઈ બાબુભાઈ ધાનાણી
રહે. જશવંતગઢ, તા. જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી.
મુ. જશવંતગઢ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જશવંતગઢ ગામના હસમુખભાઈ બાબુભાઈ ધાનાણી તેઓના નાનાભાઈ મુકેશભાઈ બાબુભાઈ ધાનાણીની જન્મ (તા.૦૧/૦૪/૧૯૭૩) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**





# રાજુલામાં ટ્રકની ખરીદી કર્યા બાદ ભંગાર સ્ક્રેપીંગ કરી વેચનારા ૩ ઝડપાયા

**પોલીસે આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મેળવ્યા**



રાજુલા, તા.૨૧

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે તેમજ મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય સાવરકુંડલા વિભાગ નાઓએ આવા આરોપીએ તુરંત જ પકડી પાડી કાર્યવાહી કરવા સૂચના અને માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરા સાહેબની સૂચના અને માર્ગદર્શન હેઠળ નરેશભાઈ બટુકભાઈ સોલંકીએ છ આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ગુનો રજિસ્ટર થયાના ગણતરીની કલાકોમાં ત્રણ આરોપીઓને પકડી પાડી કોર્ટ સમક્ષ રજૂ કરી ચાર દિવસના પોલીસ રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. આરોપીએ ટ્રક માલિક પાસેથી ટ્રકની બાકી રહેલ લોનના હપ્તાઓ ભરી આપવાની શરતે ખરીદી કર્યા બાદ ટ્રકનો ભંગાર સ્ક્રેપીંગ કરી ટ્રકનો નાશ કરી ફરિયાદી સાથે છેતરપિંડી આચરી હતી.

## અગાઉ કોને બનાવ્યા છે શિકાર

આરોપીઓએ અગાઉ ભોગ બનાવેલ સાહેદો (૧)લાલાભાઇ ઘેલાભાઇ મેવાડા રહે.બુઢાણા તા.શિહોર (૨)ભોળાભાઇ મકાભાઇ ચાવડા રહે.વાઘનગર,પ્લોટ વિસ્તાર તા.મહુવા (૩) મુકેશભાઇ ગીગાભાઇ ગોહિલ રહે.કોંજળી તા.મહુવા (૪) તોસીફભાઇ મહમદભાઇ ચાવડા રહે.રાજુલા,કુંભારવાડા (૫)ભોળા રામભાઇ દેવશીભાઇ રહે.લોઢવા તા.કોડીનાર (૬) દાનસિંહ અરશીભાઇ દાહીમા રહે.દેવળી દેદાની તા.કોડીનાર (૭)બારડ જયદિપભાઇ ભગતસિંહ રહે.નવાગામ તા.કોડીનાર

## મોડસ ઓપરેન્ડી

આરોપીઓ ચાલુ લોન વાળા ટ્રક માલિક ટ્રક વેચવામાં માંગતા હોય લોન શરૂ હોય તેમને બાના પેટે થોડા ઘણા રૂપીયા આપી ચાલુ લોનના હપ્તાની દર મહિને જે રકમ થાય તે ભરી આપવાની શરત મુજબનું ઘરમેળેનું વકીલ મારફતે નોટરી લખાણ કરી ટ્રક વેચાતો લેતા હતા. જે બાદ ભંગાર સ્ક્રેપીંગનું કામ કરતા ભંગારના વેપારીને ટ્રક વેચી નાખી ટ્રક ભંગારમાં સ્ક્રેપ કરી વેચાણથી લીધેલ ટ્રક સગેવગે કરી વેચાણ આપનારના ચાલુ લોનના હપ્તા ભરતા નહોતા.

## આરોપીના નામ અને ગુનાહિત ઈતિહાસ

(૧)-ઉઝેફા આરીફભાઇ શેખ (ઉ.વ.૨૯, રહે.મહુવા), (૨)-ઇમ્તીયાઝ ઉર્ફે "બિહારી" નસીરઅહમદ અન્સારી (ઉ.વ.૫૨ રહે.મહુવા) તથા (૩) દિપકભાઇ ઉર્ફે "કાલા" નારણભાઇ ગોહેલ (ઉ.વ.૨૯,રહે.ભાવનગર). ઉઝેફા સામે ચાર, ઈમ્તીયાઝ સામે બે તથા દિપકભાઈ ઉર્ફે કાલા સામે ૩ કેસ નોંધાયા હતા.

# બાબરાના નાની કુંડળ ગામે જમીન બળજબરીથી પડાવી લેવા ધમકી આપી


બાબરા, તા.૨૧

બાબરાના નાની કુંડળ ગામે જમીન બળજબરીથી પડાવી લેવાના ઈરાદે જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે રાજકોટમાં રહેતા પાયલબેન ખીમાભાઈ ડાકીએ નાની કુંડળ ગામે રહેતા મુકેશભાઈ લીંબાભાઈ ભાલીયા, રાણાભાઈ નથુભાઈ બાખલકીયા, કુલદીપભાઈ રાણાભાઈ બાખલકીયા, કેવલ રાણાભાઈ બાખલકીયા સહિત પાંચ લોકો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની જમીન નાની કુંડળ ગામમાં આવેલ છે. આ જમીનને બળજબરીથી પડાવી લેવાના ઈરાદે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી, ગાળો આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય.આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા પોલીસ સ્ટેશનના હનીટ્રેપના ગુનામાં નાસતી ફરતી સુરતની મહિલા આરોપી ઝડપાઈ

સાવરકુંડલા, તા.૨૧

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપ્યું છે. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પી.આઈ એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે



સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હનીટ્રેપના ગુનામાં ૯ માસથી ફરાર આરતીબેન દિપકભાઈ પાઠક (ઉ.વ.૨૫, રહે. સુરત)ને ટેક્નિકલ સોર્સ અને બાતમી હકિકત આધારે પકડી પાડવામાં આવી હતી. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ. સી.બી. પીઆઈ એ.એમ.પટેલ, પીએસઆઈ એમ.બી.ગોહિલ,

**એલસીબી ટીમે કામગીરી કરી**

એ.એસ.આઈ. મહેશભાઈ સરવૈયા, અજયભાઈ સોલંકી, ઘનશ્યામભાઈ મકવાણા તથા હેડ કોન્સ્ટેબલ તુષારભાઈ પાંચાણી, પોલીસ કોન્સ્ટેબલ ઉદયભાઈ મેણીયા, હરેશભાઈ કુંવારદાસ, હિનાબેન મેવાડા દ્વારા કરવામાં આવી હતી.

# સાવરકુંડલામાં વેપારી પાસેથી ખંડણી માંગી જાનથી મારવાની ધમકી આપી

**પતિ-પત્નીને બદનામ પણ કર્યા**

અમરેલી, તા.૨૧

સાવરકુંડલામાં રહેતા એક વેપારી પાસે ખંડણી માંગીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાજુભાઈ જસવંતરાય દોશી (ઉ.વ.૬૨)એ અશરફભાઈ ઉર્ફે ચીંગારી કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો ટુ-વ્હીલનો શો રૂમ મહુવા રોડ પર આવેલો છે. આરોપી તેમની પાસે આવી રૂ.૧૦,૦૦,૦૦૦ ની ખંડણી માંગીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ તેમને તથા તેમના પત્નીને છેલ્લા બે વર્ષથી તેના સા.કુંડલાની રફતાર સાપ્તાહિક ન્યૂઝ ચેનલમાં તથા વોટસપ-ફેસબુકમાં ખરાબ ફોટો તથા લખાણ મૂકી બદનામ કર્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ. એન. ગાંગણા વધુ તપાસ કરી રહ્યા છે.

# એટ્રોસિટીના ગુનામાં નાસતા ફરતા આરોપીને અમરેલી એલ.સી.બી. ટીમે ઝડપ્યો

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપ્યું છે. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટીના આરોપી અમીત ધીરૂભાઇ ચુડાસમા કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતો હતો. જેને ટેક્નીકલ



સોર્સ અને બાતમી હકિકત આધારે અમરેલી એલ.સી.બી. પી.આઈ એ.એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ઝડપીને આગળની કાર્યવાહી કરવા રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી દેવામાં આવ્યો હતો. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ સાહેબ નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ. સી.બી. પી.આઈ એ.એમ. પટેલ, એ.એસ.આઈ. બહાદુરભાઈ વાળા, હેડ કોન્સ. લીલેશભાઈ બાબરીયા, જયેન્દ્રભાઈ બસીયા, સુરેશભાઈ મેર તથા પો.કોન્સ. યુવરાજસિંહ વાળા દ્વારા કરવામાં આવી હતી.

# અમરેલી બાગાયત ખાતા દ્વારા ક્રોપ કવર યોજના માટે તા.૨૦ ડિસે. સુધી અરજી કરવી

અમરેલી,તા.૨૧

બાગાયત ખાતા દ્વારા નવી યોજનાઓ ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), ક્રોપ કવર, બેગ (કેળ, પપૈયા પાક માટે), દાડમ ક્રોપ કવર, ખારેક બંચ કવર, ફ્રૂટ કવર (આંબા, દાડમ, જામફળ, સીતાફળ, કમલમ) તેમજ ચાલુ યોજનાઓ દરિયાઈ માર્ગે ફળ, શાકભાજી, ફૂલ, છોડનાં નિકાસ માટે વાહતુક ખર્ચ, હવાઈ માર્ગ બાગાયત પેદાશની નિકાસ માટેના નૂરમાં સહાય તથા નિકાસકારોને બાગાયતી પાકોની ઈરેડીએશન પ્રક્રિયામાં સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ મારફતે અરજી સ્વીકારવામાં આવશે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે આ સહાયનો લાભ મેળવવા અમરેલી જિલ્લાના ખેડૂતોએ આઈ – ખેડૂત પોર્ટલ http://ikhedut.gujarat.gov.in પર તા.૨૧.૧૧.૨૦૨૪ થી તા.૨૦.૧૨.૨૦૨૪ દરમિયાન અરજી કરવી. અરજી કરતી વખતે ખેડૂત ખાતેદારે ૭-૧૨, ૮-અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો વગેરે પુરાવા સાથે રાખવા જરુરી છે. ઓનલાઈન અરજી કરી જરુરી સાધનિક પુરાવા સાથે નાયબ બાગાયત નિયામક, બાગાયત કચેરી, બાગાયત ભવન, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ પર મોકલવી.

# બાબરાના ખંભાળા ગામે ઘર કંકાસથી કંટાળી પતિએ ઝેરી દવા પીધી

બાબરા, તા.૨૧

બાબરાના ખંભાળા ગામે રહેતા એક પુરુષે ઘર કંકાસથી કંટાળી ઝેરી દવા પીતાં તેનું મોત થયું હતું. બનાવ અંગે જગદીશભાઈ ભનુભાઈ મકવાણા (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ શૈલેષભાઈ ભનુભાઈ મકવાણા (ઉ.વ.૪૨)ને છેલ્લા બે વર્ષથી ઘર કંકાસ હતો. તેમની પત્ની હંસાબેન બાળકો સાથે અલગ રહેતા હતા અને સમજાવવા છતાં પરત ન આવતાં કંટાળીને પોતાની મેળે ઝેરી દવા પી લેતાં મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના ગોરડકા ગામે રહેતા ચેતનભાઈ વશરામભાઈ કવાડ (ઉ.વ.૩૨)ને તાવ આવતો હોવાથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું.

# સાવરકુંડલામાંથી ૧૫ લીટર દેશી દારૂ પકડાયો

સાવરકુંડલા, તા.૨૧

અમરેલી જિલ્લામાં ચાર સ્થળેથી ૨૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સાવરકુંડલામાંથી ૧૫ લીટર તથા દામનગર, રાભડા અને શિયાળબેટમાંથી ૨-૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૯ ઈસમો વિના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ સાતમ
તા. ૨૨-૧૧-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૪૯, સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૨૨-૧૧-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. થોડો સમય એકાંતમાં તથા આત્મચિંતન કરવામાં પસાર કરશો.

વૃષભ: તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. પરિવારમાં સારું વાતાવરણ જળવાયેલું રહેશે.

મિથુન: જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

કર્ક: પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.

સિંહ: પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. ફાયનાન્સને લગતા કાર્યોને વધારે મહત્ત્વ આપો. આ સમયે મહેનત પ્રમાણે ફળ ઓછું મળશે.

કન્યા: તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.

તુલા: સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો, જેની તમને ઇચ્છા હતી.

વૃશ્ચિક: પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનિસક સુખ આપશે.

ધન: વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતા સમયે થોડા સાવધાન રહો. સ્વાસ્થ્યને લગતી પરેશાની થઇ શકે છે.

મકર: તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.

કુંભ: રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

મીન: આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે. શારીરિક અને માનસિક થાક રહી શકે છે.

# બોટાદમાં બાબરાની પરિણીતા પર પતિએ શંકા કરી પહેરેલા કપડાએ ઘરેથી કાઢી મૂકી

બાબરા, તા.૨૧

બાબરામાં રહેતી એક યુવતીના બોટાદના યુવક સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેતી હતી. જ્યાં સાસુ-સસરાએ કરિયાવર મુદ્દે મેણા-ટોણા માર્યા હતા. તેમજ પતિએ શંકા કરી પહેરેલા કપડાએ ઘરેથી કાઢી મૂકી હતી. બનાવ અંગે વંદનાબેન જસપાલભાઈ ખાચર (ઉ.વ.૩૩)એ પતિ જસપાલભાઈ બાબભાઈ ખાચર, સાસુ કમળાબેન બાબભાઈ ખાચર તથા સસરા બાબભાઈ જેઠસુરભાઈ ખાચર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના લગ્ન તા.૦૬/૦૨/૨૨ ના રોજ જસપાલ ખાચર સાથે થયા હતા. લગ્ન બાદ બોટાદ મુકામે સંયુકત પરિવારમાં સાસુ-સસરા સાથે રહેતા હતા. તેમની ઉપર શંકા કુશંકા કરી આરોપીએ ઘરકામ તથા કરિયાવર બાબતે મેણા-ટાણા મારી, શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી લગ્નના બે મહિના બાદ પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂકી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના જુના સાવર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નોકરી કરતાં તૃપ્તીબા જયદીપસિંહ જાડેજાએ હાલ અમરેલીમાં રહેતા મૂળ રાજકોટના પડધરી ગામના પતિ જયદીપસિંહ ગુલાબસિંહ જાડેજા સામે ગાળો આપી તેમને તથા તેની માતાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. ધારીમાં રહેતા દક્ષાબેન જયેશભાઈ કણસાગરા (ઉ.વ.૨૭)એ પતિ જયેશભાઈ ધનજીભાઈ કણસાગર સામે નાની નાની બાબતોમાં મેણા-ટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ તેમજ ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ નોંધાવી હતી.







**તંત્રી લેખ**

# વાયુ પ્રદૂષણ નિવારવા કૃત્રિમ વરસાદ

પાટનગર નવી દિલ્હીમાં વાયુ પ્રદૂષણ હદ બહારનું થઈ જતા દિલ્હી સરકારે કૃત્રિમ રીતે વરસાદ વરસાવાનું નક્કી કર્યુ છે. આ વરસાદથી તમામ પ્રકારની પ્રદૂષણ વરસાદના ટીપા સાથે મળીને જમીન પર વરસી પડશે અને હવા સ્વચ્છ થઈ જશે તેમ માનવામાં આવે છે. દેશની રાજધાની નવી દિલ્હી અને તેની પડોશનાં શહેરો અત્યારે ભયંકર પ્રદૂષણનો સામનો કરી રહ્યાં છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ સૂચવેલા સુરક્ષિત લેવલ કરતાં અહીં ૩૦થી ૩૫ ગણું વધારે વાયુ પ્રદૂષણ છે. કેટલાંય અઠવાડિયાથી હવા ઝેરી છે અને આવામાં સ્પષ્ટ જોઈ શકાતું નથી.નાસાની સેટેલાઈટ તસવીરોમાં ઉત્તર ભારત અને પડોશી દેશ પાકિસ્તાન પર ગાઢ ધુમ્મસ છવાયેલું જોઈ શકાય છે, જેના કારણે ઘણી ફ્લાઈટને ઉડાણમાં વિલંબ થયો છે અને ઉડાન રદ થઈ છે. સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત ઍર ક્વૉલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) મૉનિટરિંગ જૂથ આઈક્યુઍર અનુસાર ૨૦૨૩માં દિલ્હી એ વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની હતી. બાંગ્લાદેશ અને પાકિસ્તાન પછી ભારત ત્રીજા ક્રમે સૌથી વધુ પ્રદૂષિત દેશ તરીકે સ્થાન ધરાવે છે. ભારતમાં દર વર્ષે ઑક્ટોબરથી જાન્યુઆરીના શિયાળાના મહિના દરમિયાન તાપમાનમાં ઘટાડો, ધુમાડો, ધૂળ, ધીમા પવન, વાહનોનાં ઉત્સર્જન અને પાકની પરાળી બાળવાના કારણે પ્રદૂષણમાં જોખમી વધારો થાય છે. ભારતની સ્થિતિ ચિંતાજનક છે, વિશ્વ આરોગ્ય સંસ્થાનો ડેટા દર્શાવે છે કે દુનિયાની વસ્તીના ૯૯ લોકો ખરાબ ગુણવત્તાવાળી હવા શ્વાસમાં લે છે. તેમાં પણ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોના લોકો આવી પ્રદૂષિત હવાના સંસર્ગમાં વધારે આવે છે. યુએનની એજન્સી અનુસાર દુનિયામાં દર વર્ષે સાત લાખ લોકો વાયુ પ્રદૂષણના કારણે અકાળે મૃત્યુ પામે છે. પરંતુ વાયુ પ્રદૂષણ કેવી રીતે માપવામાં આવે છે અને માનવી માટે કયું લેવલ જોખમી ગણાય? વાયુને પ્રદૂષિત કરતાં તત્ત્વો માનવીય પ્રવૃત્તિમાંથી પેદા થાય છે, જેમકે વાહનો અને રસોઈમાં અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરવાથી. આ ઉપરાંત રેતીની આંધી, જંગલની આગ અને જ્વાળામુખી જેવા કુદરતી સ્ત્રોતોથી વાયુ પ્રદૂષણ થાય છે. એક્યુઆઈનો સ્કેલ ૦ (એકદમ શુદ્ધ હવા)થી લઈને ૫૦૦ (જાહેર આરોગ્ય માટે તાત્કાલિક જોખમ) સુધીનો છે. તે આપણને જણાવે છે કે હવા કેટલી સ્વચ્છ અથવા પ્રદૂષિત છે, તથા તે આરોગ્ય પર સંભવિત અસર વિશે જણાવે છે, ખાસ કરીને જે અસર પ્રદૂષિત હવાના સંપર્કમાં આવ્યાના થોડા કલાકો અથવા દિવસોમાં અનુભવી શકાય છે, ડબ્લ્યુએચઓ અનુસાર, તેમાંથી લગભગ ૮૫ ટકા મૃત્યુ બિનચેપી રોગો (એનસીડી) સાથે સંકળાયેલ છે, જેમાં હૃદયરોગ, સ્ટ્રોક, ફેફસાંનાં કૅન્સર, અસ્થમા, સીઓપીડી અને ડાયાબિટીસનો સમાવેશ થાય છે. તેથી તમાકુ પછી વાયુ પ્રદૂષણ એ વૈશ્વિક સ્તરે બિનચેપી રોગનું બીજું સૌથી મોટું કારણ છે. યુએન એજન્સીએ એવું પણ જણાવ્યું છે કે આઉટડોર વાયુ પ્રદૂષણથી થતાં ૯૦ આઈક્યુઍર અનુસાર ૨૦૨૩માં સૌથી વધુ પ્રદૂષિત દેશોમાં બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભારત, તાજિકિસ્તાન, બુર્કિના ફાસો, ઈરાક, સંયુક્ત આરબ અમીરાત, નેપાળ, ઈજિપ્ત અને ડેમૉક્રેટિક રિપબ્લિક ઑફ કોંગો સામેલ હતા.

# માત્ર બે મિનિટમાં આખું પાકિસ્તાન અને અર્ધું ચાઈના સાફ !!!

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હાયપરસોનિક મિસાઈલ એવા શસ્ત્રો છે જે અવાજની ઝડપથી પાંચ ગણી ઝડપે પ્રવાસ કરે છે. તેનો અર્થ ઓછામાં ઓછો મેક ૫. સરળ ભાષામાં આ મિસાઈલોની ઝડપ ૬૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક છે. ઝડપ અને દિશા બદલવાની તેમની ક્ષમતા એટલી ચોક્કસ અને શક્તિશાળી છે કે તેમને ટ્રેક કરવા અને મારવા અશક્ય છે. સામાન્ય રીતે ક્રૂઝ મિસાઈલ કે બેલેસ્ટિક મિસાઈલની ઝડપ ઘણી ઝડપી હોય છે. પરંતુ તેમની નિશ્ચિત દિશા અને મુસાફરીના માર્ગને કારણે તેઓને ટ્રેક કરી શકાય છે. તેમને મારીને નીચે લાવી શકાય છે. જો તેમની ઝડપ અવાજની ગતિ કરતાં પાંચ ગણી એટલે કે ૬૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી વધારવામાં આવે. ઉપરાંત, જો આપમેળે દિશા બદલવામાં સક્ષમ ઉપકરણો ઈન્સ્ટોલ કરવામાં આવે છે, તો તે હાઈપરસોનિક શસ્ત્રોમાં ફેરવાય છે. તેમને ટ્રેક કરવા અને મારવા લગભગ અશક્ય બની જાય છે. હાઈપરસોનિક શસ્ત્રો મુખ્યત્વે બે પ્રકારના હોય છે. પ્રથમ- ગ્લાઈડ વાહનો એટલે કે હવામાં તરતા વાહનો. બીજું- ક્રુઝ મિસાઈલ. અત્યારે વિશ્વનું ધ્યાન ગ્લાઈડ વાહનો પર છે. જેની પાછળ એક નાની મિસાઈલ મૂકવામાં આવે છે. ત્યારબાદ તેને મિસાઈલ લોન્ચરથી છોડવામાં આવે છે. મિસાઈલ ચોક્કસ અંતર કાપ્યા બાદ અલગ થઈ જાય છે. તે પછી ગ્લાઈડ વાહનો સરળતાથી ઉડતા લક્ષ્ય પર હુમલો કરે છે. આ શસ્ત્રો સામાન્ય રીતે સ્ક્રેમજેટ એન્જિનથી સજ્જ હોય છે, જે હવામાં હાજર ઓક્સિજનનો ઉપયોગ કરીને ઝડપથી ઉડે છે. જો આ મિસાઈલ પાકિસ્તાન બોર્ડર પરથી છોડવામાં આવશે તો સમગ્ર પાકિસ્તાન તેની રેન્જમાં આવી જશે. જો ચીનની સરહદેથી ગોળીબાર કરવામાં આવે તો ચીનનો લગભગ ૪૫ ટકા ભાગ તેની હદમાં આવી જશે. જો તેને દરિયા કિનારે મૂકીને ફાયર કરવામાં આવે તો તે અરબી સમુદ્ર, બંગાળની ખાડી અને હિંદ મહાસાગરમાં દુશ્મન દેશોના જહાજોને નષ્ટ કરી શકે છે. એટલે કે આ એક મિસાઈલથી એશિયામાં રશિયા અને ચીન પછી ભારતનો પ્રભાવ વધ્યો છે. ભારતની **LRAShM** એટલે કે આ હાઈપરસોનિક લાંબા અંતરની એન્ટિ-શિપ મિસાઈલ અનેક પ્રકારના શસ્ત્રો વહન કરવામાં સક્ષમ છે. તે પણ વિવિધ રેન્જમાં. જો હથિયારનું વજન ઓછું કરવામાં આવે તો તેની રેન્જ ૧૫૦૦ કિલોમીટરથી વધુ હશે. આ મિસાઈલને અનેક પ્રકારની રેન્જ સિસ્ટમ દ્વારા ટ્રેક કરી શકાય છે. ભારત પાસે હાઈપરસોનિક મિસાઈલોને ટ્રેક કરવાની સિસ્ટમ પણ છે. જ્યારે વિશ્વના ઘણા શક્તિશાળી દેશોમાં આ સિસ્ટમ ઉપલબ્ધ નથી. આ મિસાઈલ અનેક પ્રકારના ટર્મિનલ દાવપેચ કરી શકે છે. એટલે કે દુશ્મન ઈચ્છે તો પણ તેને નિશાન બનાવી શકે નહીં. આ મિસાઈલ જરૂર પડ્યે તેની ઝડપ, દિશા અને માર્ગ થોડો બદલી શકે છે. તેમજ તેની ચોકસાઈ અત્યંત ઘાતક છે. વિશ્વનો ૮૦ ટકા તેલનો વેપાર હિંદ મહાસાગર પ્રદેશ (**IOR**)માં થાય છે. વિશ્વભરના જહાજો અહીંથી પસાર થાય છે. આવી સ્થિતિમાં ભારતીય નૌકાદળ આ જહાજોની સુરક્ષા માટે આ મિસાઈલનો ઉપયોગ કરી શકે છે. જો ચીન અથવા પાકિસ્તાન ભારતીય દરિયાઈ વિસ્તારમાં કોઈપણ પ્રકારની ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરે છે, તો આ મિસાઈલ તેમના જાસૂસી જહાજ અથવા યુદ્ધ જહાજને થોડી જ સેકન્ડોમાં સમુદ્રમાં દાટી શકે છે. હાલમાં દુનિયાની તમામ એર ડિફેન્સ સિસ્ટમ આ મિસાઈલને સરળતાથી ટ્રેક કરી શકતી નથી. કારણ કે તેની ઝડપ ઘણી વધારે છે. તેનો અર્થ એ કે તે દુશ્મનના નિશાન પર વિનાશનો વરસાદ ચાલુ રાખશે. તેને પ્રાદેશિક દરિયાઈ વિસ્તારોમાં સુરક્ષા માટે તૈનાત કરી શકાય છે. ઉદાહરણ તરીકે, મલક્કાના અખાતથી પર્શિયાના અખાત સુધી, તેને સુરક્ષિત કરી શકાય છે. તેને માત્ર દરિયા કિનારે તૈનાત કરવાની જરૂર છે. હવે હાઈપરસોનિક મિસાઈલના સફળ પરીક્ષણ બાદ ભારત એવા કેટલાક દેશોમાંથી એક બની ગયું છે જેની પાસે આ આધુનિક ટેકનોલોજી છે.




હાઈપરસોનિક મિસાઈલ એટલે એવી મિસાઈલ જે અવાજની ગતિ કરતા પાંચ ગણી વધુ ઝડપે પોતાના લક્ષ્ય તરફ આગળ વધે છે. તે જ સમયે, સબસોનિક મિસાઈલો ધ્વનિની ઝડપ કરતાં વધી શકતી નથી. જ્યારે સુપરસોનિક મિસાઈલો અવાજની ઝડપ કરતાં માત્ર બેથી ત્રણ ગણી જ પહોંચી શકે છે. મિસાઈલની રેન્જ લગભગ ૧૭૦૦ કિલોમીટર છે અને તેને ગેમ ચેન્જર તરીકે જોવામાં આવી રહી છે. હાઈપરસોનિક શસ્ત્રો માત્ર તેમની ગતિથી તેમનો વિશેષ દરજ્જો મેળવતા નથી, કારણ કે ઝડપની દ્રષ્ટિએ, બેલેસ્ટિક મિસાઈલ પણ અવાજની ગતિ કરતાં વધુ ઝડપથી મુસાફરી કરે છે. હાઈપરસોનિક મિસાઈલ તેના લક્ષ્ય તરફ એટલી ઝડપથી આગળ વધે છે કે એન્ટી મિસાઈલ સિસ્ટમ તેને ટ્રેક કરી શકતી નથી. હાઈપરસોનિક મિસાઈલ બેલેસ્ટિક મિસાઈલની જેમ પોતાની ચાપ અને પ્રક્ષેપણ નથી બનાવતી, જેના કારણે તેમના લક્ષ્યને પારખવું ખૂબ મુશ્કેલ છે. "અમેરિકાની 'ટર્મિનલ હાઈ એલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ' એટલે કે 'થાડ' અને ઈઝરાયેલની 'આયર્ન ડોમ' સિસ્ટમ પણ હાઈપરસોનિક મિસાઈલને શોધી શકવામાં અસમર્થ છે. આ એન્ટિ-મિસાઈલ સિસ્ટમ્સ છે જેની રેન્જ ૨૫૦ કિલોમીટર પર સમાપ્ત થાય છે. જો તમે હાઈપરસોનિક મિસાઈલ શોધી કાઢો છો, તો પણ તેને તોડી પાડવી ખૂબ જ મુશ્કેલ છે, કારણ કે તેને સમાન ગતિએ મુસાફરી કરતી મિસાઈલની જરૂર પડશે. આ માટે દેશને એરો-૩ સિસ્ટમની જરૂર પડશે. તેની રેન્જ લગભગ ૨૫૦૦ કિલોમીટર છે.

હાલમાં હાઈપરસોનિક મિસાઈલ લોન્ચ થયા બાદ તેની દિશા બદલી શકાતી નથી. હાલમાં ચીન અને રશિયા પાસે હાઈપરસોનિક મિસાઈલ છે, જ્યારે ભારતની જેમ અમેરિકા પણ તેને ચલાવવામાં સક્ષમ છે. કેટલાક અન્ય દેશો હાઈપરસોનિક મિસાઈલ બનાવવાનો દાવો કરે છે, પરંતુ આ વાત ચોક્કસ કહી શકાય તેમ નથી. આવી સ્થિતિમાં ભારત વિશ્વનો ત્રીજો દેશ હશે જેની પાસે આ આધુનિક ટેક્નોલોજી હશે., "એવું માનવામાં આવે છે કે રશિયા, ચીન અને ભારત સિવાય અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન અને બ્રાઝિલ પાસે હાઈપરસોનિક મિસાઈલ છે. આ સિવાય ઈરાને એવો પણ દાવો કર્યો છે કે તેણે હાઈપરસોનિક મિસાઈલ બનાવી છે. રશિયાએ યુક્રેન યુદ્ધમાં તેની કિંજલ હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કર્યો છે, કારણ કે તેને પકડવી ખૂબ મુશ્કેલ છે. માર્ચ ૨૦૨૨ માં, રશિયાએ દાવો કર્યો હતો કે તેણે હાઈપરસોનિક મિસાઈલ વડે પશ્ચિમ યુક્રેનની અંદર ભૂગર્ભ હથિયારોના ડેપોને નિશાન બનાવ્યું હતું. નિષ્ણાતોનું માનવું છે કે તાજેતરમાં ઈરાન દ્વારા ઈઝરાયેલ પર કરાયેલા મિસાઈલ હુમલામાં હાઈપરસોનિક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈરાનનો દાવો છે કે તેણે પ્રથમ વખત ફતહ મિસાઈલને બેલેસ્ટિક અને ક્રુઝ બંને સેગમેન્ટમાં હાઈપરસોનિક મિસાઈલ તરીકે રજૂ કરી હતી.

**કલાકના ૬૧૦૦ કિલોમીટરની પ્રચંડ સ્પીડ ધરાવતા આ ભારતીય બનાવટના હાઈપરસોનિક મિસાઈલથી દુનિયાભરના દેશો તાજ્જુબ થઈ રહ્યા છે. ભારતે ઓડિશાના ડો.અબ્દુલ કલામ દ્વીપ પરથી પોતાની સ્વ-નિર્મિત હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે.**

ઓડિશામાં ૧૫૦૦ કિમીની રેન્જ ધરાવતી હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરી ભારતે સંરક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. અવાજથી પાંચ ગણી ઝડપે મુસાફરી કરતી મિસાઈલ રડાર દ્વારા શોધી શકાતી નથી. આ મિસાઈલ પરમાણુ હથિયારો સહિત અનેક પે-લોડ લઈ જઈ શકે છે. તે આપણા સશસ્ત્ર દળો માટે ખૂબ જ ઉપયોગી બની શકે છે. આ મિસાઈલને હૈદરાબાદના ડો.અબ્દુલ કલામ મિસાઈલ કોમ્પ્લેક્સમાં તૈયાર કરવામાં આવી હતી. આ સફળ પરીક્ષણ સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા અને તેની મેક-ઈન-ઈન્ડિયા પ્રતિબદ્ધતાને સાબિત કરે છે. આ પરિક્ષણની સફળતા બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વૈજ્ઞાનિકો અને ટેકનિશિયનને અભિનંદન પાઠવ્યા હતા.

## શબ્દ સંજોગ-૧૯૦૫



**આડી ચાવી :**
(૧) કેશનો સમૂહ (૫)
(૫) યદુના વંશજ (૩)
(૭) શંકા, વહેમ (૨)
(૮) મજબૂત અને ટકાઉ નહી તેવુ (૪)
(૧૦) ઉપરામણી, વધારાની રકમ (૩)
(૧૨) યજ્ઞ, સંગ્રામ (૨)
(૧૩) રોટલીનો એક પ્રકાર (૨)
(૧૪) સરખુ (૩)
(૧૬) "યદા....હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત" (૨)
(૧૭) શું (૧)
(૧૯) ભગવાન, પરવરદિગાર (૨)
(૨૧) રસ્તાનું અંગ્રેજી કરો (૧)
(૨૩) મોકલેલું, વિદાય કરેલુ (૩)
(૨૫) ઝાકળ (૪)
(૨૭) ઘડો, પાઠ (૩)
(૨૯) મોટરગાડી (ખાનગી માલિકીની) (૨)
(૩૦) કાપાકાપી, ખૂનરેજી (૩)
(૩૨) આ થોડીને વેશ ઝાઝા (૨)
(૩૩) ભીંડીની જાતનો એક છોડ (૨)
(૩૪) દમના રોગનો એક પ્રકાર (૩)

**ઉભી ચાવી :**
(૧) ભગવાન શ્રીકૃષ્ણ આ નામે પણ ઓળખાતા (૩)
(૨) ગાડું (૩)
(૩) ગધેડો મારે (૨)
(૪) તળીને બનાવેલ મીઠાઈ (૪)
(૫) બહારગામ જાવ ત્યારે સાથે લેવાનું લિસ્ટ પહેલા તૈયાર કરજો (૨)
(૬) આચરણ, રીતભાત (૩)
(૯) શરમ, લજ્જા (૨)
(૧૧) કસોટી ઉપરથી નક્કી કરેલો સોનારૂપાના ભાવનો આંક (૨)
(૧૩) કંગાળ, દેવાળિયુ (૩)
(૧૫) રસ્તો, પથ (૨)
(૧૮) વહેમની...કોઈ નહી (૨)
(૨૦) ફાયદો, લાભ (૪)
(૨૨) ખોડખાંપણ, ખામી (૨)
(૨૩) ખેલ, ક્રીડા (૩)
(૨૪) નાક વાટે ધૂણી લેવી તે (૨)
(૨૫) આશ્રય, આધાર (૩)
(૨૬) જગા કે પ્રદેશનો માપસરનો આલેખ (૩)
(૨૮) સિપાઈઓને રહેવાની ઓરડીઓની લાંબી હાર (૩)
(૨૯) એક ઘાસ (૨)
(૩૧) આદત, વ્યસન, ટેવ (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૪ જવાબ

**આડી ચાવી:** (૧) અભાગી (૩) જવર (૫) લોભ (૬) મન (૭) અલંગ (૮) સંગત (૯) અમાપ (૧૨) પૂછતાછ (૧૩) લોકગીત (૧૫) રન (૧૭) વાટ (૧૯) આલ (૨૦) ભોંય (૨૧) તોલે (૨૨) ભરત (૨૪) રોગ (૨૬) લફરુ (૨૭) ડોકરી.
**ઉભી ચાવી:** (૧) અમથુ (૨) ભાન (૩) જવલંત (૪) રગ (૫) લોકમાતા (૭) અગણિત (૯) અછત (૧૦) પછડાટ (૧૧) હાક (૧૨) પૂર (૧૩) લોઢું (૧૪) ગીધ (૧૬) છબરડો (૧૭) વાયરો (૧૮) ગલેફ (૧૯) આભ (૨૩) તક (૨૫) ગર્ભ.

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૪૯૨ |
| ઘઉં લોકવન | ૫૯૫ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૬૦૫ | ૭૨૦ |
| જુવાર સફેદ | ૭૧૫ | ૮૧૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૫૧ | ૫૬૫ |
| તુવેર | ૧૨૦૦ | ૨૧૫૧ |
| ચણા પીળા | ૧૦૬૦ | ૧૨૫૪ |
| ચણા સફેદ | ૧૯૫૦ | ૨૭૨૭ |
| અડદ | ૧૨૭૫ | ૧૬૫૬ |
| મગ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૮૧૫ |
| ચોળી | ૧૩૦૦ | ૩૧૨૫ |
| મઠ | ૯૦૦ | ૧૧૮૦ |
| કળથી | ૧૧૦૦ | ૧૨૮૫ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૨૧૪ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૭૪ |
| તલી | ૨૧૦૦ | ૨૭૨૦ |
| એરંડા | ૧૧૯૮ | ૧૨૬૭ |
| સોયાબીન | ૭૯૫ | ૯૦૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૩૧૦ |
| લસણ | ૪૪૫૧ | ૫૮૫૦ |
| ધાણા | ૧૩૭૦ | ૧૫૩૫ |
| મરચા સુકા | ૬૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૯૦૦ |
| વરીયાળી | ૧૦૮૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૪૩૩૦ | ૪૮૧૦ |
| રાય | ૧૦૭૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૦૬૦ | ૧૪૧૪ |
| ઇસબગુલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૫૨૦ |
| ગુવારનું બી | ૯૧૦ | ૯૫૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૪૮૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૬૨૦ |
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૬૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| ચોળાસીંગ | ૪૫૦ | ૭૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૧૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૬૦ | ૧૯૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૪૦૦ | ૨૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૭૦૦ | ૯૫૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૬૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૭૩૦ |
| મેથી | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૫૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૪૦ | ૧૦૫૪ |
| શિંગ મોટી | ૮૧૫ | ૧૧૬૦ |
| શિંગદાણાફાડા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| તલસફેદ | ૧૭૦૦ | ૨૮૭૫ |
| તલકાળા | ૨૭૦૦ | ૪૨૦૦ |
| જુવાર | ૪૮૨ | ૮૯૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૭૯ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૪૫ |
| અડદ | ૧૦૭૫ | ૧૪૮૦ |
| ચણા | ૯૭૫ | ૧૩૬૬ |
| કપાસ | ૭૭૦ | ૧૫૧૧ |
| જીરૂ | ૧૭૩૫ | ૪૬૦૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૪૯૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૮ |
| રજકાનુ બી | ૩૫૦૦ | ૫૬૨૫ |
| વરીયાળી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૬૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૭૦૦ |
| કોબીઝ | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| ટમેટાં | ૬૦૦ | ૭૫૦ |
| ગાજર | ૮૦૦ | ૯૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૫૦ |
| ગલકા | ૫૦૦ | ૬૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૮૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૬૦૦ |
| લસણ સુકુ | ૬૧૦૦ | ૬૪૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૭૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૫ |
| જુવાર | ૪૫૦ | ૭૬૦ |
| બાજરો | ૩૨૦ | ૫૪૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૭ |
| મગ | ૧૦૦૦ | ૧૩૦૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ચણાસફેદ | ૨૦૦૦ | ૨૬૨૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૫૧ |
| રાયડો | ૭૬૫ | ૧૦૨૦ |
| લસણ | ૪૦૯૦ | ૫૨૪૫ |
| જીરૂ | ૨૯૪૦ | ૪૮૫૦ |
| અજમો | ૧૯૧૫ | ૨૩૮૫ |
| વાલ | ૧૭૨૫ | ૧૮૯૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૮૧૦ |
| સોયાબીન | ૫૫૦ | ૮૬૫ |

| | | |
|---|---|---|
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૫૯૨ | ૬૨૪ |
| ઘઉં ટુકડા | ૫૭૧ | ૮૩૬ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૧૬૬ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૨૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૯૦૧ | ૪૯૬૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૩૭૪૧ |
| વરીયાળી | ૯૦૦ | ૧૧૭૬ |
| ધાણા | ૮૫૧ | ૧૬૯૧ |
| લસણ સુકું | ૨૭૦૧ | ૫૮૧૧ |
| અડદ | ૬૧૧ | ૧૭૧૧ |
| મઠ | ૯૨૧ | ૯૨૬ |
| તુવેર | ૭૫૧ | ૨૧૦૧ |
| રાય | ૧૦૧૧ | ૧૦૧૧ |
| મેથી | ૮૯૧ | ૧૧૧૧ |
| કાંગ | ૯૫૧ | ૧૧૧૧ |
| મરચા | ૫૦૧ | ૨૯૫૧ |
| ગુવાર બી | ૮૫૧ | ૮૫૧ |
| મગફળી જાડી | ૬૪૧ | ૧૨૪૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૭૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૭૧૧ |
| ઇસબગુલ | ૨૦૦૧ | ૨૨૦૧ |
| ધાણી | ૯૫૧ | ૧૭૧૧ |
| બાજરો | ૪૮૧ | ૪૮૧ |
| જુવાર | ૩૬૧ | ૯૧૧ |
| મકાઇ | ૪૭૧ | ૪૯૧ |
| મગ | ૭૭૬ | ૧૬૦૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| વાલ | ૭૫૧ | ૧૬૫૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૨૬૨૬ |
| ગોગળી | ૮૫૦ | ૯૫૧ |
| વટાણા | ૨૫૧ | ૭૭૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૩૨ |
| કપાસ મીડીયમ | ૧૨૨૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૧૨૭ | ૧૨૦૩ |
| અડદ | ૧૧૯૦ | ૧૪૯૦ |
| ઘંઉ | ૫૧૨ | ૫૭૮ |
| સફેદ તલ | ૨૦૯૦ | ૨૨૪૦ |
| સફેદ તલ | ૩૦૩૦ | ૪૦૦૦ |
| જીરૂ | ૩૬૭૫ | ૪૬૬૫ |
| સોયાબીન | ૭૭૫ | ૮૦૫ |
| ચણા | ૧૨૧૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૨૦૯૫ | ૨૩૭૫ |
| **સાવરકુંડલા** | | |

| | | |
|---|---|---|
| શીંગ-જીણી | ૯૫૦ | ૧૧૦૫ |
| શીંગ - મોટી | ૧૦૫૧ | ૧૨૦૬ |
| તલ સફેદ | ૨૩૪૫ | ૨૬૦૨ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૬૭૬ |
| કપાસ | ૧૩૮૫ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૭૪ | ૬૨૯ |
| ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૫૦ |
| બાજરો | ૪૭૫ | - |
| અડદ | ૧૨૫૩ | ૧૪૯૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૫૦૫ |
| જુવાર | ૫૮૬ | ૮૦૦ |
| સોયાબીન | ૭૮૨ | ૮૩૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૫૩ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૭૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૮૬ | ૧૪૮૦ |
| કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૬૧ | ૧૪૬૫ |
| મગફળી | ૧૦૦૭ | ૧૧૫૨ |
| જુવાર | ૭૨૫ | ૭૫૨ |
| સોયાબીન | ૭૮૦ | ૮૧૧ |
| બાજરો | ૪૬૧ | ૪૬૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૬ | ૧૪૩૧ |
| મગફળી | ૮૪૫ | ૧૧૨૦ |
| ઘઉં | ૫૩૦ | ૬૧૩ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૬૪૪ | ૮૦૦ |
| જીરૂ | ૪૩૫૧ | ૪૩૫૧ |
| કલોજી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **કોડીનાર** | | |
| બાજરી | ૫૩૦ | ૫૯૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૬૪ |
| સોયાબીન | ૭૨૫ | ૮૫૯ |
| જુવાર | ૬૫૦ | ૮૩૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૬ |
| રજકો | ૩૦૦૦ | ૪૭૭૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૧૨ |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| બાજરો | ૪૮૫ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૭૨ |
| મગ | ૨૯૦૦ | ૩૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૨૫ |
| જુવાર | ૪૭૧ | ૮૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૫૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૮ |
| મગફળી | ૫૬૫ | ૯૫૨ |
| ચણા | ૮૩૫ | ૧૩૨૦ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૩૦૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૪૦ |
| મગ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| શીંગદાણા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| લસણ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| તલ સફેદ | ૧૯૬૫ | ૨૫૦૦ |
| મેથી | ૧૦૩૫ | ૧૧૩૫ |
| તુવેર | ૧૩૬૦ | ૧૩૬૦ |
| મકાઈ | ૫૫૪ | ૫૫૪ |
| જુવાર | ૮૯૫ | ૮૯૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૦૭૧ | ૧૪૦૭ |
| શીંગ ૩૨ | ૯૦૧ | ૧૦૭૨ |
| શીંગ ૩૯ | ૯૨૧ | ૧૧૬૨ |
| બાજરી | ૪૨૭ | ૬૦૯ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૭૩૨ |
| અડદ | ૪૭૦ | ૧૭૦૬ |
| સોયાબીન | ૭૭૧ | ૮૮૧ |
| ચણા | ૧૨૬૦ | ૧૫૦૦ |
| તલસફેદ | ૧૯૦૧ | ૨૬૭૦ |
| ડુંગળી લાલ | ૩૫૦ | ૬૯૦ |
| ડુંગળી જુની | ૧૫૦ | ૭૬૮ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૧૩૦૧ |
| ડુંગળી | ૧૫૦ | ૮૧૨ |
| કપાસ શંકર | ૧૩૬૫ | ૧૪૪૬ |
| નાળીયેર | ૬૭૫ | ૨૫૬૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતના કોસંબા સાવા પાટિયા નજીક ત્રિપલ અકસ્માત, બે કર્મચારીઓના કરૂણ મોત

(એચ.એસ.એલ),સુરત,તા.૨૧

સુરત જિલ્લાના કોસંબા સાવા પાટિયા વિસ્તારમાં ભયંકર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં બે જીઇબી કર્મચારીઓના કરુણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટનામાં અમોલ પાટીલ અને પ્રજ્ઞેશ પટેલનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. જીઇબીના કર્મચારી અમોલ પાટીલ અને પ્રજ્ઞેશ પટેલ સુરત પાંડેસરા જીઆઇડીસીથી વડોદરા





ટ્રાન્સફોર્મર લેવા જઈ રહ્યા હતા. તે દરમ્યાન સુરત-વડોદરા હાઈવે પર એક બેફામ ટ્રક, એક બાઈક અને અન્ય વાહન વચ્ચે ટક્કર થઈ હતી. જેના કારણે આ ઘટના બની હતી. આ ઘટના બાદ સુરત-વડોદરા હાઈવે પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. લોકો મોટી સંખ્યામાં ઘટનાના સ્થળે ભેગા થઈ ગયા હતા. જેના કારણે પોલીસને ટ્રાફિક વ્યવસ્થિત કરવા માટે ઘણી જહેમત કરવી પડી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. સાથે જ ટ્રક ચાલક વિરુદ્ધ કેસ દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી છે.

# સુરતમાં ગેસ લીકેજથી આગ ફાટી નીકળતા એકનું મોત, ત્રણ ગંભીર

સુરત,તા.૨૧

સુરતના ફુલપાડા અશ્વનીકુમાર રોડ બેંક ઓફ બરોડાની સામે ક્રિષ્ણા કોમ્પલેક્ષમાં એક રૂમમાં રહી પરપ્રાંતિય સાત પિતરાઈ ભાઈ જરીના કારખાનામાં નોકરી કરતા હતાં. જેમાં ૧૯મીની રાત્રે ગેસ સિલિન્ડરમાંથી ગેસ લીકેજ થતો હોવાથી ગેસ રૂમમાં ભરાઈ ગયો હતો. જેમાં ગતરોજ વહેલી સવારે આનંદ પાસવાન નામનો યુવક ઉઠ્યો હતો અને રસોઈ બનાવવા માટે ચૂલાને ચાલુ કરવા માટે લાઈટર ચાલુ કર્યું હતું. આ સમયે ગેસ લીકેજને પગલે એકત્ર થયેલા ગેસને સ્પાર્ક મળતા ધડાકાભેર આગ ફાટી નીકળી હતી. જેમાં ત્યાં હાજર ૧૬થી ૨૯ વર્ષના સાત ભાઈઓ આગની લપેટમાં આવતા બચવા માટે બુમાબુમ કરતા લોકો દોડી આવ્યા હતા અને ફાયરબ્રિગેડને



જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં ફાયર સ્ટેશનના અધિકારીઓ અને લાશ્કરો સ્થળ પર દોડી ગયા હતા અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ સાથે જ આગમાં દાઝેલા સાતેયને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડયા હતા અને બાદમાં કિરણ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ સાત પૈકી ચાર યુવાનની હાલત ગંભીર હતી, જે પૈકી એકનું ગુરૂવારે મોત થયું છે. તો બાકીના છમાંથી ત્રણ યુવકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે.

# ખ્યાતિ હોસ્પિટલના ડો.પ્રશાંતના વધુ ૪ દિવસના રિમાન્ડ મંજૂર કરતી કોર્ટ

અમદાવાદ,તા.૨૧

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓની જાણ બહાર એન્જીયોપ્લાસ્ટી કરવાથી બે દર્દીના મોત નિપજ્યાં હતા. જેમાં PMJAY યોજનામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો. સમગ્ર મામલે ખ્યાતિ હોસ્પિટલના ડૉ. પ્રશાંત વજીરાણી, હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. કાર્તિક પટેલ, ડૉ. સંજય પટોલિયા, હોસ્પિટલના CEO ચિરાગ રાજપૂત અને રાજશ્રી કોઠારી વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો.




પોલીસે ઓપરેશન કરનાર ડૉ. પ્રશાંત વજીરાણીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી ડૉ. પ્રશાંત વજીરાણીને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસના રિમાન્ડની માગ કરી હતી. જેમાં કોર્ટે ડૉ. પ્રશાંતના વધુ ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોને પૂરક સિંચાઈ માટે નર્મદાનું પાણી ફાળવાશે

ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોને રવી મોસમના પાક વાવેતર માટે પૂરક સિંચાઈ અને પીવાના હેતુસર પાણીની સુવિધા પુરી પાડવા નર્મદાનું કુલ ૩૦,૫૦૪ એમ.સી.એફ.ટી. પાણી ફાળવવાનો નિર્ણય કર્યો છે. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્દ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજના દ્વારા સિંચાઈ અને પીવાના હેતુસર વર્ષમાં વિવિધ તબક્કે નર્મદાના પાણીની ફાળવણી કરવામાં આવે છે. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના ખેડૂતો દ્વારા રવી ઋતુ દરમિયાન બહોળા પ્રમાણમાં પાકનું વાવેતર થાય તેના આયોજનના ભાગરૂપે પૂરક સિંચાઈ અર્થે તળાવો તથા ચેકડેમો ભરવા નર્મદાના આ પાણીની



ફાળવણી કરવાનો કિસાન હિતકારી અભિગમ મુખ્યમંત્રીએ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્દ્વહન પાઈપલાઈનો મારફત ઉત્તર ગુજરાત વિસ્તાર માટે ૧૬,૬૩૭ એમ.સી.એફ.ટી. તથા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૩,૮૬૭ એમ.સી.એફ.ટી. મળી કુલ ૩૦,૫૦૪ એમ.સી.એફ.ટી. નર્મદાનું પાણી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળા માટે ફાળવવાનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે.

# વિંછીયાના અજમેર ગામે તુવેરના છોડ વચ્ચે ગાંજાનું વાવેતર ઝડપાયુ

રાજકોટ, તા.૨૧

વિંછીયા તાલુકાના અજમેર ગામે રહેતા અને સીમમાં ખેતીની ૧૫ વીઘા જમીન ધરાવતા રાયધન વાલજીભાઈ ગાબુ (ઉં.વ.૨૫) નામના શખ્સે પોતાના ખેતરમાં ગાંજાનું મસમોટું વાવેતર કર્યું છે તેવી હકીકત આધારે સ્ટાફે દરોડો પાડતા જમીનની ચોતરફ તુવેરનું અને વચ્ચે કપાસનું વાવેતર જોવા મળ્યું હતું. આ કપાસ અને તુવેરની વચ્ચે કરેલું ગાંજાનું વાવેતર મળી આવ્યું હતું. ૭૫ કિલો ૯૬૦ ગ્રામ



ગાંજાના ૪૦ છોડ મળી આવતા રૂ.૭,૫૯,૬૦૦નો ગાંજો પોલીસે કબજે કરી વાડીમાલિક રાયધન ગાબુ સામે એનડીપીએસ એક્ટ હેઠળ વિંછીયા પોલીસમાં ગુનો રજિસ્ટર કરાવી ધરપકડ કરી હતી.

# પાકિસ્તાની જેલમાં ગુજરાતી માછીમારનું મૃત્યુ, કોડીનારના નાનાવાડા ગામે શોક

**નાનાવાડા ગામના હરિભાઈ કરશનભાઈ સોસા નામના માછીમારનું મોત**

કોડીનાર, તા.૨૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના હરિભાઈ કરશનભાઈ સોસા નામના માછીમારનું પાકિસ્તાનની જેલમાં અવસાન થયું છે. તેમનો મૃતદેહ તા. ૨૩ નવેમ્બરના રોજ વાઘા બોર્ડર પર આવી પહોંચશે અને ત્યારબાદ તેમના પરિવારને સુપ્રત કરવામાં આવશે. ભારત-પાકિસ્તાનની દરિયાઈ સરહદ પર અવારનવાર થતાં ઘર્ષણમાં ભારતીય માછીમારો ઘણીવાર પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા પકડાઈ જાય છે. આવા માછીમારોને પાકિસ્તાનની જેલોમાં વર્ષો સુધી કેદ રાખવામાં આવે છે. આવી



જ એક ઘટનામાં કોડીનારના હરિભાઈ સોસા પણ છેલ્લા ઘણા સમયથી પાકિસ્તાનની જેલમાં કેદ હતા. હાલમાં પાકિસ્તાની જેલોમાં ૨૧૭ જેટલા ભારતીય માછીમારો કેદ છે. આ માછીમારોને ખૂબ જ કઠિન પરિસ્થિતિમાં રાખવામાં આવે છે અને તેમને યોગ્ય સારવાર પણ મળતી નથી. જેના કારણે ઘણા માછીમારો જેલમાં જ બીમાર પડીને મૃત્યુ પામે છે. હરિભાઈ સોસાના અવસાનથી તેમના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૧

લોકોને સકારાત્મક ઊર્જાવાન બનાવવા માટે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા દર ગુરૂવારે વિચારોનું વાવેતર કરવામાં આવે છે. ગુરૂવારે વરાછા બેંક ઓડીટોરીયમ ખાતે ૮૬મા અને આ વર્ષના પ્રથમ થર્સ-ડે થોટ્સનું આયોજન થયું હતું. આ અવસરે કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે,




આપણા શાસ્ત્રો વિચારોના પ્રવાહને મન કહે છે. મનમાં જેવા વિચારો ઉમેરીએ તેવા જીવનનું નિર્માણ થતું હોય છે. આપની સંસ્કૃતિ અજોડ છે. તેમાં વિજ્ઞાન પણ છ, જીવનની દિશા પણ છે. નવા વર્ષે લોકો શુભેચ્છાના ઢગલા કરતા હોય છે. ત્યારે પ્રશ્ન થાય કે શું જીવનમાં મળેલી શુભેચ્છા કાર્ય કરે છે? ખરેખર મનથી કરેલી પ્રાર્થના, દિલથી આપેલ આશીર્વાદ કે સારા ભાવથી આપેલી શુભેચ્છા ચોક્કસ ઊર્જા આપે છે. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, શુભેચ્છા એ મનનો ખોરાક છે, જે જીવનને સકારાત્મક ઊર્જા આપે છે.

# ચલાલામાં પશુ ડોક્ટરની નિમણૂકથી પશુપાલકોમાં ખુશી વ્યાપી

**ધારાસભ્ય જે.વી. કાકડીયાએ સ્પેશિયલ કેસમાં નિમણૂક કરાવી**

અમરેલી,તા.૨૧

દાનેવ ધામ ચલાલામાં ઘણા સમયથી પશુ ડોકટરની જગ્યા ખાલી હોવાથી પશુપાલકો અને ખેડૂતોને પોતાના માલઢોરની સારવાર કરાવવા ભારે મુશ્કેલી પડતી હતી. સારવાર



તસવીર : પ્રકાશ કારીયા

માટે ખાનગી પશુ ડોક્ટરને ભારે ફી ચુકવવી પડતી હતી. આ અંગે ચલાલા પંથકના ખેડૂતો અને પશુપાલકો દ્વારા ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતની ગંભીરતા સમજીને ધારાસભ્ય કાકડીયાએ તાત્કાલિક પશુપાલન કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલને રૂબરુ મળીને લેખિત અને મૌખિક રીતે અસરકારક રજૂઆત કરી હતી. આથી પશુપાલન વિભાગે સ્પેશિયલ કેસમાં ચલાલામાં પશુ ડોકટર હરેશભાઈ કામળીયાની નિમણૂંક કરી હતી. આથી ચલાલા પંથકના ખેડૂતો અને પશુપાલકોમાં સંતોષ સાથે આનંદની લાગણી ફેલાઈ છે. ચલાલામાં પશુ ડોકટરની આજે નિમણૂક થતા ધારાસભ્યના અંગત મદદનીશ અને શહેર ભાજપ ઉપપ્રમુખ ભૈયલુભાઈ વાળા અને શહેર ભાજપના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ સદસ્ય પ્રકાશભાઈ કારીયાએ પશુ ડોકટર હરેશભાઈ કામળીયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. પશુ ડોકટરે પણ માલઢોરની સારવારમાં કોઈ કચાસ નહીં રાખવાની ખાત્રી આપેલ હતી. જો પશુપાલકોને આ અંગે કોઈ મુશ્કેલી ઊભી થાય તો ભૈયલુભાઈ વાળાને તેમના મો.નં. ૯૬૩૮૦ ૫૩૯૮૨ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# ભ્રષ્ટ અધિકારી-નેતાઓના કારણે અસામાજિક તત્વો બેફામ બન્યા : ધારાસભ્ય અલ્પેશ ઠાકોર

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ શહેરમાં હત્યાની ઘટનાનો રાફડો ફાટ્યો હોય તેમ દરરોજ એક કિસ્સો સામે આવી રહ્યો છે. ત્યારે વધુ એક ઘટના કાગડાપીઠ વિસ્તારમાં સામે આવી. દારૂ અંગે બાતમી આપ્યાની શંકા રાખી હુમલો કરી એક વ્યક્તિનું મોત નિપજાવ્યું હતું. આ ઘટનામાં એક વ્યક્તિ ઘાયલ છે. જેમાં ઉશેકેરાયેલી જનતાએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ઘેરો



નાખ્યો હતો અને આરોપીઓને પકડવા પોલીસ સ્ટેશન ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી. જેના પડઘા પોલીસ કમિશ્નર ઓફિસ સુધી પડ્યા હતા. હવે આ ઘટનામાં ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનું નિવેદન સામે આવ્યું છે. અમદાવાદના કાગડાપીઠ હત્યા કેસ મુદ્દે ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. કાગડાપીઠ હત્યા કેસમાં પરિવારને સાંત્વના આપતા અલ્પેશ ઠાકોરે જણાવ્યું કે ભ્રષ્ટ અધિકારી અને નેતાઓના કારણે અસામાજિક તત્વો બેફામ બન્યા છે, હું તેમની સામે લડત આપતો રહીશ.

# ગીરગઢડાના અંબાડા ગામે રાજપુત સમાજનો ૩૨મો સમૂહલગ્ન સમારોહ યોજાયો

**સમૂહલગ્નમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ઉપસ્થિતી**

ગીર ગડઢા, તા.૨૧

ગીરગઢડાના અંબાડા ગામે મારું રાજપૂત સમાજ દ્વારા ૩૨મો સમૂહલગ્ન સમારોહ યોજાયો હતો. સમારોહમાં ઉનાના કાર્યશીલ ધારાસભ્ય



કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા તેમજ નવદંપતીઓને સુખી અને સ્વસ્થ દાંપત્યજીવનના આશીર્વચન આપ્યા. આ સમૂહલગ્ન સમારોહમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે ૨૧૦૦૦ હજાર રૂપિયાનું અનુદાન આપ્યું હતું. ગીર સોમનાથ જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, ધોકડવા ગ્રામ પંચાયતના ઉપસરપંચ કાંતિભાઈ માળવી, ગીરગઢડા તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ભીખાભાઈ કીડેચા, ઉના તાલુકા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ શાંતિભાઈ ડાંગોદરા, તાલુકા ભાજપ મહામંત્રી કે.સી. રાજપૂત સહિત મારું રાજપૂત સમાજના આગેવાનો, ભાઈઓ બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના ગીરગઢડા આહીર સમાજ વૈચારીક ક્રાંતિ ગ્રુપ દ્વારા શૌર્ય દિનની ઉજવણી કરાઈ



ઉના, તા.૨૧

ઉના ગીરગઢડા આહીર સમાજ વૈચારીક ક્રાંતિ ગ્રુપ દ્વારા આહીર સમાજ વાડી વ્યાજપૂર ખાતે આહીર શૌર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આહીર યુવાનો તથા આગેવાનોએ હાજર રહી કાર્યક્રમમાં ભાગ લીધો. સમાજ આગેવાનો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. બે મિનિટનું મૌન રાખી આહીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને આહીરના ઉજળા ઈતિહાસની વાતો કરવામાં આવી હતી.

## -//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં,અમરેલી//-

અપીલ રજી નં.૧૦૩/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ગોબરભાઈ મુળજીભાઈ બાવીશી
રહે. માંગવાપાળ, તા. જિ. અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મોટા આંકડીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માંગવાપાળ ગામના ગોબરભાઈ મુળજીભાઈ બાવીશી તેઓના પુત્રી બાવીશી સંગીતાબેન ગોબરભાઈ ની જન્મ તા.૦૯/૦૩/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**અકસ્માતમાં દોઢ ડઝન જેટલા લોકો ઘાયલ થયા**

# યમુના એક્સપ્રેસ વે પર બસ અને ટ્રક વચ્ચે અકસ્માત : પાંચના મોત

લખનૌ,તા.૨૧

ઉત્તર પ્રદેશના યમુના એક્સપ્રેસ વે પર ફરી એકવાર એક ભયાનક માર્ગ અકસ્માત જોવા મળ્યો છે. અલીગઢના ટપ્પલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસ વે પર ટ્રક અને બસ વચ્ચે અથડામણ થઈ હતી. આ અકસ્માતમાં કુલ ૫ લોકોના મોત થયા છે, જ્યારે દોઢ



ડઝન લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતમાં ખાનગી બસ ટ્રક સાથે અથડાઈ હતી. ખાનગી બસ દિલ્હીથી આઝમગઢ જઈ રહી હતી. પોલીસે તમામ ઘાયલોને જેવરની કૈલાશ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા છે. આ પહેલા ૧૫ નવેમ્બરના રોજ ગૌતમ બુદ્ધ નગરના દાદરી વિસ્તારમાં એક ટ્રેક્ટર ચાલકે મોટરસાઈકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોટરસાઈકલ સવાર એક મહિલાનું મોત થયું હતું. મહિલાના પતિ અને બાળકીને ગંભીર ઈજા પહોંચી હતી.

# ડોમિનિકાએ પ્રધાનમંત્રી મોદીને 'ધ ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર'થી સન્માનિત કર્યા

ન્યુ દિલ્હી,તા.૨૧

ગયાનામાં કેરેબિયન દેશ ડોમિનિકા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ધ ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર'થી સન્માનિત કરવામાં આવ્યા છે. ડોમિનિકાના રાષ્ટ્રપતિ સિલ્વેની બર્ટને પીએમ મોદીને એવોર્ડ આપ્યો હતો. પીએમ મોદીને કોવિડ-૧૯ મહામારી દરમિયાન ડોમિનિકામાં વેક્સિન પહોંચાડવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે. તેમણે



આ એવોર્ડ તમામ ભારતીયોને સમર્પિત કર્યો છે. આ સિવાય ગયાનાની બે દિવસીય મુલાકાત દરમિયાન પીએમ મોદીએ કેરેબિયન દેશોના પ્રતિનિધિઓ સાથે બીજી ઈન્ડિયા-કેરીકોમ સમિટમાં પણ ભાગ લીધો હતો. શિખર સંમેલનમાં, વડાપ્રધાને

**શિખર સંમેલનમાં કેરેબિયન દેશોના પ્રતિનિધીઓએ દ્વિપક્ષીય ચર્ચા કરી**

કેરેબિયન દેશોના પ્રતિનિધિઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી હતી. ગયાનાના રાષ્ટ્રપતિ મોહમ્મદ ઈરફાન ઉપરાંત પીએમ મોદીએ ડોમિનિકાના વડાપ્રધાન રૂઝવેલ્ટ સ્કેરીટ અને સુરીનામના રાષ્ટ્રપતિ ચાન સંતોખી સાથે પણ વાતચીત કરી હતી.

# જમ્મુ-કાશ્મીરમાં કાતિલ ઠંડી, ઘણા વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨૧

જમ્મુ-કાશ્મીરમાં આ દિવસોમાં કાતિલ ઠંડી પડી રહી છે. તીવ્ર ઠંડીના કારણે જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે આવી ગયું છે. આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ ગગડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગુરુવારે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન -૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે માહિતી આપી છે કે કાશ્મીરમાં ૨૩ નવેમ્બર સુધી હવામાન સામાન્ય રહેશે. ૨૪ નવેમ્બરે હવામાનમાં ફેરફાર થવાની સંભાવના છે અને ઘાટીના ઊંચા વિસ્તારોમાં હળવો વરસાદ અથવા હળવી હિમવર્ષા થઈ શકે છે. કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે નોંધાયું હતું. કાઝીગુંડમાં લઘુત્તમ તાપમાન -૨.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે પહેલગામ પર્યટન સ્થળે -૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શોપિયાંમાં પણ ઠંડીનો અનુભવ થયો હતો, જ્યાં તાપમાન ઘટીને -૩.૯ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું.

**ભાજપ-કોંગ્રેસ છોડી આવેલા ૬ લોકોને ટિકિટ આપી**

# દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે આપે પ્રથમ યાદી જાહેર કરી

ન્યુ દિલ્હી,તા.૨૧

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. યાદીમાં ૧૧ નામ છે. જેમાંથી છ એવા નેતાઓ છે જે ભાજપ કે કોંગ્રેસ છોડીને AAPમાં જોડાયા છે. બ્રહ્મસિંહ તંવર, બીબી ત્યાગી અને અનિલ ઝાએ તાજેતરમાં ભાજપ છોડી દીધું હતું. જ્યારે ઝુબેર ચૌધરી, વીર સિંહ ધીંગાન અને સુમેશ શૌકીન કોંગ્રેસમાંથી AAPમાં જોડાયા છે. દિલ્હી વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થાય છે. ચૂંટણી પંચ વર્તમાન ગૃહની પાંચ



વર્ષની મુદત પૂરી થવાની તારીખ પહેલાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરે છે. છેલ્લી વિધાનસભા ચૂંટણી ફેબ્રુઆરી ૨૦૨૦ માં યોજાઈ હતી, જેમાં આમ આદમી પાર્ટીએ સંપૂર્ણ બહુમતી સાથે ૭૦ માંથી ૬૨ બેઠકો જીતી હતી. ભારતીય જનતા પાર્ટી માત્ર ૮ બેઠકો જીતવામાં સફળ રહી હતી, જ્યારે કોંગ્રેસનું ખાતું પણ ખુલ્યું ન હતું.

# અદાણી બહાર ફરી રહ્યાં છે કારણ કે તેને પ્રધાનમંત્રી બચાવે છે : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૧

ભાજપે ગુરુવારે કહ્યું હતું કે અદાણી ગ્રૂપ વિરુદ્ધ યુએસના કેસમાં નામ આપવામાં આવેલા ચાર રાજ્યોમાં ભાજપની સરકાર નહોતી. કોંગ્રેસ છત્તીસગઢમાં સત્તા પર હતી અને તેની સાથી પાર્ટી તમિલનાડુમાં સત્તા પર હતી. બીજેપીએ ગુરુવારે કહ્યું હતું કે અદાણી ગ્રૂપ વિરુદ્ધ યુએસના કેસમાં નામ આપવામાં આવેલા ચાર રાજ્યોમાં ભાજપની સરકાર



નથી. કોંગ્રેસ છત્તીસગઢમાં સત્તા પર હતી અને તેની સાથી પાર્ટી તમિલનાડુમાં સત્તા પર હતી. ગુરુવારે જ રાહુલ ગાંધીએ અમેરિકામાં ગૌતમ અદાણી પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપો પર પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર અમેરિકામાં રોકાણકારો સાથે છેતરપિંડી કરવાના આરોપ લાગ્યા છે. ગૌતમ અદાણી પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપો મામલે રાહુલ ગાંધીએ ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું- અદાણીજી ૨ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ કરી રહ્યા છે અને બહાર ફરે છે કારણ કે પીએમ મોદી તેમને બચાવી રહ્યા છે. ગૌતમ અદાણીએ અમેરિકામાં ગુના આચર્યા છે, પરંતુ ભારતમાં તેમની સામે કંઈ કરવામાં આવી રહ્યું નથી. અદાણીના સંરક્ષક સેબીના ચેરપર્સન માધબી બુચ સામે કેસ થવો જોઈએ.

# મણિપુરમાં વધતી હિંસા વચ્ચે કેન્દ્રીય પોલીસની વધુ ૮ ટુકડી ઈમ્ફાલ પહોંચી

મણિપુર, તા.૨૧

મણિપુરમાં વધી રહેલી હિંસા વચ્ચે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)ની ૮ વધુ કંપનીઓ બુધવારે રાજધાની ઈમ્ફાલ પહોંચી હતી. એક દિવસ પહેલા જ CAPFની ૧૧ કંપનીઓ મણિપુર પહોંચી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, CAPF અને BSFની ચાર-ચાર કંપનીઓ રાજ્યના સંવેદનશીલ અને સરહદી વિસ્તારોમાં તૈનાત કરવામાં આવશે. CAPFની આ કંપનીઓમાંથી એક મહિલા બટાલિયનની છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે મણિપુરમાં ૫૦



નવી CAPF કંપનીઓ તૈનાત કરવામાં આવશે.મણિપુર કોંગ્રેસે બુધવારે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પી ચિદમ્બરમ વિરુદ્ધ તેમના વિવાદાસ્પદ પોસ્ટ બદલ કાર્યવાહી કરવાની અપીલ કરી છે. ચિદમ્બરમે પ્રાદેશિક સ્વાયત્તતાની હિમાયત કરી હતી. ખડગેને લખેલા પત્રમાં નેતાઓએ જણાવ્યું હતું કે, "અમે પી ચિદમ્બરમની પોસ્ટની નિંદા કરીએ છીએ. રાજ્યમાં વધી રહેલા તણાવ, જાહેર શોક અને રાજકીય સંવેદનશીલતાની વર્તમાન બગડતી પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી એન. બીરેન સિંહ દ્વારા બોલાવવામાં આવેલી એનડીએની બેઠકમાં ૧૮ ધારાસભ્યોએ હાજરી આપી ન હતી.

# લિકર પોલિસી કાર્યવાહી પર રોકનો હાઈકોર્ટે ઈન્કાર કરતા કેજરીવાલને ઝટકો

ન્યુ દિલ્હી,તા.૨૧

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના નેતા અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ લિકર પોલિસી કેસની કાર્યવાહી પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો. કેજરીવાલ દિલ્હી



એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ સંબંધિત અનિયમિતતાના કેસમાં આરોપી છે. જસ્ટિસ મનોજ કુમાર ઓહરીએ કેસમાં ચાર્જશીટને સંજ્ઞાન લેવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી કેજરીવાલની અરજી પર તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસેથી જવાબ માંગ્યો હતો. હવે આ કેસની સુનાવણી ૨૦મી ડિસેમ્બરે થશે.

# ૫.૮ કરોડ નકલી રેશનકાર્ડ રદ કરતી કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં સરકાર દ્વારા ગરીબ જરૂરિયાતમંદ લોકોને રેશનકાર્ડ જારી કરવામાં આવે છે. ભારતમાં કરોડો રેશનકાર્ડ ધારકો છે. સરકાર રેશનકાર્ડ દ્વારા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ લોકોને ઓછા ભાવે રાશન પૂરું પાડે છે. જો તમે પણ રેશનકાર્ડમાં દર મહિને સરકારની સસ્તી અથવા મફત રાશન યોજનાનો લાભ લઈ રહ્યા છો, તો




તમારા માટે આ સમાચાર ખૂબ જ મહત્વના છે. કેન્દ્ર સરકારે મોટી કાર્યવાહી કરતા દેશભરમાંથી ૫.૮ કરોડ નકલી રેશનકાર્ડ રદ કરી દીધા છે. આ માહિતી ખાદ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવી છે. કેન્દ્રીય ખાદ્ય મંત્રાલય દ્વારા તમામ રેશનકાર્ડ ધારકોને પહેલા જ એ સૂચના આપી દેવામાં આવી હતી કે, દરેક વ્યક્તિએ ઈ-કેવાયસી કરાવવું જરૂરી છે. આ માટે બે થી ત્રણ ડેડલાઈન પણ નક્કી કરવામાં આવી હતી. પરંતુ ઘણા રેશનકાર્ડ ધારકોએ તેમનું કેવાયસી નહોતું કરાવ્યું. હકીકતમાં દેશમાં ઘણા લોકો નકલી રેશનકાર્ડ બનાવીને સરકારની ખાદ્ય યોજનાનો લાભ લઈ રહ્યા હતા.

# માત્ર બ્રેકઅપને કારણે પુરૂષ પર બળાત્કારનો કેસ ન થઈ શકે : સુપ્રીમ

ન્યુ દિલ્હી,તા.૨૧

લગ્નની લાલચ આપી રેપના આરોપનો સામનો કરી રહેલા યુવકને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપતો કહ્યું કે, માત્ર બ્રેકઅપના કારણે પુરૂષ સામે રેપ કેસ ન થઈ શકે. ફરિયાદી મહિલાએ ૨૦૧૯માં આરોપી વિરુદ્ધ રેપ કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે,



સહમતીથી સંબંધમાં રહેતા કપલ વચ્ચે માત્ર બ્રેકઅપ થઈ જવાના કારણે પુરુષ વિરુદ્ધ ફોજદારી કેસ શરૂ ન કરી શકાય. આ કેસની સુનાવણી જસ્ટિસ બીવી નાગરત્ન અને જસ્ટિસ એન કોટેશ્વર સિંહની બેંચ કરી રહી હતી, સહમતીથી સંબંધમાં રહેતા કપલ વચ્ચે માત્ર બ્રેકઅપ થઈ જવાના કારણે ફોજદારી કાર્યવાહી શરૂ ન કરી શકાય. જ્યારે સંબંધ લગ્ન સુધી નથી પહોંચતો, ત્યારે પ્રારંભિક તબક્કામાં પક્ષકારો વચ્ચે સહમતીથી બનેલા સંબંધોને ગુનાહિત રંગ ન આપી શકાય.

**ટોળાએ રૂા. ૧.૫ કરોડના ઘરેણાં અને ૧૮ લાખ રૂપિયાની લૂંટ કર્યાની ફરિયાદ નોંધાઈ**

# મણિપુરમાં જેડીયુના ધારાસભ્યના ઘર પર ટોળાઓએ હુમલો કર્યો

(એચ.એસ.એલ),ઈમ્ફાલ,તા.૨૧

મણિપુરમાં જેડીયુના ધારાસભ્ય કે. જોયકિશન સિંહની માતાએ ફરિયાદ નોંધાવી છે કે ૧૬ નવેમ્બરના રોજ ધારાસભ્યના નિવાસસ્થાનમાં તોડફોડ કરનાર ટોળાએ ૧૮ લાખ રૂપિયા રોકડા અને ૧.૫ કરોડ રૂપિયાના દાગીનાની લૂંટ કરી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું



કે હુમલા દરમિયાન ઈમ્ફાલ પશ્ચિમના થાંગમેઈબંદ વિસ્તારમાં ધારાસભ્યના નિવાસસ્થાને આંતરિક રીતે વિસ્થાપિત લોકો માટે રાખવામાં આવેલી ઘણી વસ્તુઓનો પણ નાશ કરવામાં આવ્યો હતો. એક પોલીસ અધિકારીએ કહ્યું, 'થાંગમેઈબંદ મતવિસ્તારના ધારાસભ્ય કે. જોયકિશન સિંહની માતાએ ઈમ્ફાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ટોળાના હુમલામાં ૧૮ લાખ રૂપિયા રોકડા અને રૂ. ૧.૫ કરોડની કિંમતી ચીજવસ્તુઓ લૂંટી લેવામાં આવી છે.

# ગુજરાત બાદ હવે ઉત્તરપ્રદેશમાં 'ધ સાબરમતી રિપોર્ટ' ટેક્સ ફ્રી

**ફિલ્મ જોયા બાદ યોગી આદિત્યનાથે વખાણ કર્યા**

લખનૌ,તા.૨૧

ગોધરા કાંડનું સત્ય ઉજાગર કરતી ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' હવે ઉત્તર પ્રદેશમાં પણ ટેક્સ ફ્રી થઈ ગઈ છે. આ પહેલા ગુજરાતમાં આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવામાં આવી ચૂકી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે પોતાના કેબિનેટ સહયોગીઓ સાથે ફિલ્મ નિહાળી હતી અને તેને ટેક્સ ફ્રી કરવાનું એલાન કર્યું છે. આ



દરમિયાન ફિલ્મના કલાકારો અને તેની સાથે જોડાયેલા લોકો પણ હાજર રહ્યા હતા. સીએમ યોગીએ એમ પણ કહ્યું કે દરેક ભારતીયોએ આ ફિલ્મ જોવી જોઈએ અને દેશ અને સમાજમાં દુશ્મનાવટ ફેલાવનારા લોકોને એક્સપોઝ કરવા જોઈએ. ફિલ્મ જોયા બાદ સીએમ યોગીએ કહ્યું કે, ગોધરા કાંડના સત્યને દેશ સામે લાવવાનું વિક્રાંત મેસીની ટીમે પોતાની કલા દ્વારા રાષ્ટ્રીય કર્તવ્ય નિભાવતા પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. હું યુપી અને અહીંના લોકો તરફથી તેમને અભિનંદન પાઠવું છું. જે લોકો અવારનવાર સત્યને ઢાંકવાનો પ્રયાસ કરે છે, દેશ અને સમાજ વિરુદ્ધ ષડયંત્ર રચે છે, પરંતુ ફિલ્મના માધ્યમથી ધ સાબરમતી રિપોર્ટએ તે સત્યને સામે લાવવાનો પ્રયાસ કર્યો છે.

# પટના જઈ રહેલી બસ હજારીબાગમાં પલટી ખાતા ૭ લોકોના મોત નિપજ્યા

હજારીબાગ,તા.૨૧

ઝારખંડના હજારીબાગથી અકસ્માતના હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે હજારીબાગ જિલ્લામાં પટના જઈ રહેલી બસ પલટી ગઈ હતી. આ અકસ્માતને કારણે બસમાં બેઠેલા ઓછામાં ઓછા ૭ મુસાફરોના મોત થયા છે. તે જ સમયે, અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, આ બસ




કોલકાતાથી પટના જઈ રહી હતી અને અકસ્માત સમયે બસમાં લગભગ ૫૦ મુસાફરો સવાર હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, બસ સાથેની આ દુર્ઘટના બરકાથાના ગોરહર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થઈ હતી. આ અકસ્માતમાં ૭ લોકોના મોત

**બસમાં લગભગ ૫૦ મુસાફરો સવાર હતા**

થયા છે. પ્રારંભિક માહિતી સાત લોકોના મૃત્યુનું સૂચન કરે છે, જો કે આની કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. આ આંકડો હજુ પણ વધી શકે છે. બસની અંદર ચારથી પાંચ લોકો ફસાયા હતા. તે જ સમયે, બે ડઝનથી વધુ મુસાફરો ઘાયલ થયા હતા.

### ખેડૂતોને હેરાન નહી કરવા જીએસટીના અધિકારીઓને સાંસદની ગર્ભિત ચીમકી

# અમરેલીમાં મગફળી લઈ નીકળતા ખેડૂતોને કનડતા GSTનાં અધિકારીઓ

અમરેલી, તા.૨૧

કેન્દ્ર અને રાજય સરકાર ખેડૂતોનાં હિત માટે નવી યોજનાઓ લાવે છે. ખેડૂતોનું ખેત ઉત્પાદન વધે તે માટે નવી યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવે છે. અમરેલી જિલ્લો ખેતી પ્રધાન જિલ્લો હોય ત્યારે ખેડૂતોના પાક તૈયાર થઈ ગયા બાદ જયારે વેંચાણ માટે મૂકવામાં આવે છે ત્યારે જીએસટીનાં અધિકારીઓ આડખીલીરૂપ બની રહ્યા છે.



અમરેલીમાં ખેતરમાંથી મગફળી લઈ નીકળતા ખેડૂતો પાસે જીએસટીનાં અધિકારીઓ ૭-૧૨, ૮-અ માંગતા હોવાથી ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. છેલ્લા ઘણા વર્ષોથી ખેડૂતો ચોમાસુ પાકમાં નુકસાની ભોગવી રહ્યાં છે. જેમાં આ વર્ષે પણ પાછોતરા વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડયો છે. રાજયનાં અન્ય જિલ્લાઓમાં સરકાર દ્વારા સહાય જાહેર કરવામાં આવી છે ત્યારે અમરેલી જિલ્લાને ખેતીપાકમાં થયેલી નુકસાની બદલ એકપણ ફદીયું આપવામાં આવ્યું નથી. ત્યારે ખેડૂતો મગફળીનાં પાકનું વેંચાણ કરવા માટે જતાં જીએસટીનાં અધિકારીઓ ખેડૂતોને રોકી ૭-૧૨, ૮-અ માંગતા હોવાથી ખેડૂતોમાં રોષ ફેલાયો છે. આ ઘટનાની જાણ સાંસદ ભરતભાઈ સુતરીયાને થતાં તેમણે સ્થળ પર જઈ જીએસટીનાં અધિકારીઓને ઉધડા લીધા હતા. સાંસદ ભરતભાઈ સુતરીયાનું આક્રમક વલણ જોઈ જીએસટીનાં અધિકારીઓ પણ ગભરાઈ ગયા હતા.

#### ખેડૂત અને વેપારીનો ભેદ અધિકારીઓ સમજી શકતા નથી

ખેતરથી મગફળી ભરી નીકળતા ખેડૂતો પાસે જીએસટીના અધિકારીઓએ ૭-૧૨, ૮-અ માંગી પોતાની અણઆવડતનો પરીચય આપ્યો હતો. આ અંગે જીએસટીના અધિકારીએ જણાવ્યું હતું કે વેપારી છે કે ખેડૂત તેની સાબિતી માટે ૭-૧૨, ૮-અ માંગવામાં આવતા હતા. અધિકારીઓની આવી અણઆવડત સામે ખેડૂતોમાં રોષ ફેલાયો છે.

#### ખેડૂતોને હેરાન નહીં કરવા સાંસદની ચીમકી

ખેડૂત મગફળી લઈ ઘરે જતાં હોય ત્યારે અથવા તો યાર્ડમાં વેંચવા માટે જતાં હોઈ ત્યારે જીએસટીનાં અધિકારીઓ હેરાન કરતાં હોય જેની જાણ સાંસદ ભરતભાઈ સુતરીયાને થતાં તેઓ સ્થળ પર દોડી ગયા હતા અને કોઈપણ ખેડૂત મગફળી લઈને નીકળે તો હેરાન નહી કરવા સાંસદે જીએસટીનાં અધિકારીઓને ચીમકી આપી હતી. સાંસદે વધુમાં જણાવ્યું હતું કે જો ખેડૂત ખેતી નહી કરે તો આપણે બધાં મરી જઈશું તેમજ 'જો પોલીસ ફરિયાદ કરવી હોય તો મારી સામે કરો' એમ સાંસદે જીએસટીનાં અધિકારીઓને જણાવ્યું હતું.

## સુરત શહેરમાં ચાઈનીઝ દોરીથી યુવકનું ગળુ કપાતા લોહીલુહાણ

સુરત, તા.૨૧

ઉત્તરાયણના તહેવારને હજી ૫૪ દિવસની વાર છે. તેમ છતાં સુરતના અમરોલી-સાયણ રોડ પર આવેલા ઓવરબ્રિજ પરથી પસાર થતા એક બાઈકચાલક યુવકનું ચાઈનીઝ દોરીના કારણે ગળું કપાયું હતું. દોરીનો ઘા એટલે તેજ હતો કે, મગજમાં જતી ત્રણ નસ કપાઈ ગઈ હતી. યુવક ઘટનાસ્થળે જ લોહીલુહાણ થઈ જતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની હાલ ગંભીર ગણાવાઈ રહી છે. અમરોલી-સાયણ રોડ સ્થિત ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહેલા



ડાયમંડ ફેક્ટરીના એકાઉન્ટન્ટનું ગળું ચાઈનીસ દોરીના કારણે કપાઈ ગયું હતું. જેમાં ગળાના ભાગે મગજમાં જતી ત્રણ નસ કપાઈ ગઈ છે. હાલ યુવક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે અને આઈસીયુમાં સારવાર ચાલી રહી છે.

### વિવિધ સંસ્થાઓ દ્વારા મળેલી વિનંતીનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હકારાત્મક પ્રતિસાદ આપ્યો

## હવેથી વેબસાઈટ પર જંત્રીનો ડ્રાફ્ટ તૈયાર કરવાની સુવિધા ઓનલાઈન કરી શકાશે

ગાંધીનગર,તા.૨૧

ગુજરાતમાં જંત્રીને લઈને અત્યાર સુધીના સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. હવેથી વેબસાઈટ પર જંત્રીનો ડ્રાફ્ટ તૈયાર કરવાની સુવિધા ઓનલાઈન કરવામાં આવી છે. ખેડૂતોની જંત્રીના ભાવમાં વધારો કરવા અને ખરીદીની કામગીરીનું યોગ્ય વળતર ન મળવા અંગે વિવિધ સંસ્થાઓ તરફથી મળેલી વિનંતીનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે જંત્રીના અલગ-અલગ ભાવ જાહેર કરવામાં આવ્યા છે. ડ્રાફ્ટ જંત્રી ૨૦૨૪ અને માર્ગદર્શિકા વેબસાઈટ પર મૂકવામાં આવી છે. આગામી ૩૦ દિવસ સુધી



સૂચનો ઓનલાઈન સબમિટ કરી શકાશે. જંત્રી અંગે એપ્રિલથી નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ફિલ્ડ સર્વે કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે એપ્રિલ-૨૦૨૩માં જ વર્ષ ૨૦૧૧ની જંત્રીના દરો બમણા કર્યા હતા. જે હાલમાં અસરકારક છે. પ્રસ્તાવિત જંત્રીના મુસદ્દામાં, જે પછીથી અમલમાં આવશે, સાત મહાનગરોમાં એપીપી-૨૦૨૩ના દરોની સરખામણીમાં સરેરાશ દોઢથી ચાર ગણો વધારો કરવામાં આવ્યો છે.

## અગ્ર સચિવ મોના ખંધાર પંચાયત સેવા પસંદગી મંડળના નવા અધ્યક્ષ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સરકાર દ્વારા નિવૃત્ત IPS અધિકારી હસમુખ પટેલની જગ્યાએ હવે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ મોના ખંધારને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. મોના ખંધાર ગુજરાતની ૧૯૯૬ બેચની ભારતીય વહીવટી સેવા (IAS) અધિકારી છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષ તરીકે હસમુખ પટેલ,



(IPS), મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરને નિયુક્ત કરવામાં આવેલ હતાં. ગૃહ વિભાગે હસમુખ પટેલ મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરનું સ્વૈચ્છિક રાજીનામું મંજૂર કર્યું છે.

## સુરત શહેરમાંથી ડુપ્લીકેટ હોસ્પિટલ બાદ ડુપ્લીકેટ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ ઝડપાઈ

સુરત,તા.૨૧

સુરત શહેરમાંથી ડુપ્લીકેટ હોસ્પિટલ બાદ ડુપ્લીકેટ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ ઝડપાઈ છે. સુરતમાં દુકાનની અંદર મેડિકલ ઈન્સ્ટિટયૂટ ચાલી રહી છે. જીવનદીપ મેડિકલ ઈન્સ્ટિટ્યૂટના નામથી મેડિકલ કોર્સ ચલાવાઈ રહ્યા છે. એક જ દુકાનની અંદર છ પ્રકારના મેડિકલ કોર્સ ચલાવાઈ રહ્યા છે. મેડિકલ હોસ્પિટલો બાદ સુરતમાં બોગસ રીતે ચાલતી મેડિકલ ઈન્સ્ટિટયૂટ, સુરતમાં દુકાનની અંદર વિદ્યાર્થીઓને ભણાવાય છે અને પરીક્ષા આપવા બેંગલોર મોકલાય છે. ગુજરાતમાં આવી રીતે ઈન્સ્ટિટયૂટ ચલાવવાનો કોઈ કાયદો જ નથી તેમ છતાં બોગસ ઈન્સ્ટિટયૂટ ઉભી કરવામાં આવી છે. ગુજરાત પેરામેડિકલ કાઉન્સિલ સ્ટાફ સાથે




થયેલી વાતચીતનું રેકોર્ડિંગ પણ સામે આવ્યું છે. પેરા મેડિકલ કાઉન્સિલના હેલ્પલાઈન નંબર પર પણ આ પ્રકારની ઈન્સ્ટિટ્યૂટ ગુજરાતમાં ચલાવી ન શકાય તેવું સ્વીકાર્યું, સુરતના પુણા પાટિયા ખાતે આવેલા લા સીતાડેલ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ઈન્સ્ટિટ્યૂટ ચાલી રહી છે.

### શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરીયાએ શાળાઓને ચેતવણી આપી

## શાળાઓ બાળકોને ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા દબાણ કરી શકશે નહી

ગાંધીનગર,તા.૨૧

વર્તમાન શિયાળાની ઋતુમાં બાળકોને ઠંડીથી સુરક્ષિત કરવા ખાનગી શાળાના સંચાલકો શાળામાં ચોક્કસ રંગનું સ્વેટર પહેરવા બાળકો પર દબાણ કરી શકશે નહિ તેવી ચીમકી રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ આપી હતી. રાજ્ય શિક્ષણમંત્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હરહંમેશ વાલીઓ અને બાળકોની સાથે રહી છે. રાજ્યમાં ઠંડીના કારણે કોઈ પણ બાળકનું મૃત્યુ ન થાય તે માટે રાજ્ય સરકાર અનેક પ્રયત્નો કરી રહી છે. રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને જણાવવામાં આવ્યું છે કે, કોઈ પણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પોતાના ગણવેશને અનુરૂપ પાતળું, નિમ્ન કક્ષાના કાપડ ધરાવતું (ઠંડી ન રોકી શકે તેવું) સ્વેટર પહેરવા કોઈ પણ બાળક પર દબાણ કરી શકશે નહિ, જો કોઈ શાળાના સંચાલક એમની શાળાના નિર્ધારિત સ્વેટર બાળકને પહેરવા માટે આગ્રહ કરે તો તેની ફરિયાદ વાલીઓએ



જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે. ખાનગી શાળાના સંચાલકોને મંત્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ શાળા બાળકોને તેમના દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરવા મજબુર કરી શકશે નહિ, તેમજ મંત્રીએ વાલીઓને અપીલ કરી કે, કોઈ પણ બાળકને, તેના માતા પિતા ઠંડી માટે તેમના જોડે ઉપલબ્ધ ઠંડી રક્ષણાત્મક સ્વેટર, ટોપી, હાથના મોજા પહેરાવી શકશે અને કોઈ પણ ખાનગી શાળા અને અન્ય શાળા તેમાં કોઈ પણ રોક-ટોક કરી શકશે નહિ જો કોઈ શાળા તેમનાં દ્વારા નિર્ધારિત સ્વેટર પહેરાવવાનો આગ્રહ કરશે તો તેની ફરિયાદ વાલીઓએ જિલ્લાની શિક્ષણાધિકારીની કચેરીને કરવાની રહેશે તેમજ રાજ્ય સરકાર તે શાળા પર કડક કાર્યવાહી કરશે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

## અમદાવાદમાં એમડી ડ્રગ્સ અને બે હથિયાર સાથે શખ્સ ઝડપાયો

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ શહેરમાં ડ્રગ્સની બદી એટલી વધી ગઈ છે કે આજે સતત બીજા દિવસે એમડી ડ્રગ્સ ઝડપાયું છે. બુધવારે શહેરના નારણપુરા વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાંથી રૂ. ૨૫.૬૮ લાખના એમડી ડ્રગ્સ સાથે ડ્રગ્સની સિન્ડિકેટનો પર્દાફાશ થયા બાદ ગણતરીના કલાકોમાં જ શહેરના દાણીલીમડા વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાંચે એક શખ્સને સવા કિલો એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે. આરોપીના કબજામાંથી પોલીસે બે હથિયાર અને ૪૦ જીવતી કારતૂસ પણ



મળી હતી. દાણીલીમડા વિસ્તારમાંથી ઝડપાયેલો આરોપી ડ્રગ્સનો આટલો મોટો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો?, તેની પાસેથી ઝડપાયેલાં હથિયારનો ક્યાં ઉપયોગ કરવાનો હતો એ અંગે વધુ તપાસ હાથ ધરી છે.











